શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

ડિસેમ્બર - ૨૦૦૮'

છુટક નકલ રૂા. ૧/-

## ઘડપણની ભવ્યતા

માણસ સાઠવર્ષ વટાવે પછી થોડાક ડરામણા શબ્દોનું બ્લેકમેઈલ શરૂ થઈ ઝાય છે.

ઘણાં લોકો ઘડપણમાં દુઃખી થવા માટે યુવાનીમાં રોગના ખાતામાં દુઃખની થાપણ મૂકી રાખે છે. પાછલી ઉંમરે દુઃખ એમને વ્યાજમુદલ સાથે પાછુ મળે છે.

જ્યાં જ્યાં નજર કરીયે ત્યાં એડવાન્સ બુકીંગ કરાવવીને ઘડપણમાં રોગોનું મ્યુઝિયમ બનીને ખાટલે પડી કણસતા ખોળિંયા જોવા મળે છે. ઘડપણનું સર્જન સડવા માટે નથી થયું. માણસે ઘરડા નથી થવાનું પણ વૃદ્ધ થવાનું છે. વડલાની જેમ વ્યાપવાનું છે. વૃદ્ધી પામે તે વૃદ્ધ. પાછલી ઉંમરે દુઃખી થવાના ઘણાં રસ્તા છે. ઓફીસની ખુરશીમાં પોટલું થઈને બેસવું એ પહેલો ઉપાય છે. વ્યસનો વગરની યુવાની ઘણા લોકોને નથી ગમતી. પૈસા કમાવવા સિવાય અન્ય કોઈ વાતમાં રસ ન લેવાની ટેવ યુવાનીને કદરૂપી બનાવે છે. સાહિત્ય સંગીત, કલા, નાટક, કવિતા ને જેઓ ફાલતું માને છે. અને તેનાથી દૂર રહેનાર ઝટ-ઝટ સડે છે. આવા લોકોને તાણ નામની 'વેમ્પ' અકાળે ઘરડાં બનાવે છે. કેવળ પૈસો કમાનાર વ્યક્તિને સાચી મૈત્રી સાંપડતી નથી.

પુસ્તક વાંચવાની ટેવ હોય એવો વૃદ્ધ કંટાળતો નથી. સંગીતમાં રસ લેનારો વૃદ્ધ નવરાશને સુંદર રીતે માણી શકે છે. મૈત્રી વૈભવ ધરાવનાર દાદા પરિવારમાં બધાના પ્રિય અને આદરણીય બને છે. અન્ય માટે કશુક કરી છૂટવા તૈયાર એવા દાદીમાં પરિવારમાં સન્માનનીય સ્થાન ધરાવે છે. નિજાનંદમાં મસ્ત રહેનારને ખાલીપો પજવતો નથી સંતાનો એનાથી કંટાળતા નથી, પુત્રવધુને એમની હાજરી ખટકતી નથી, અને આવા વડીલોથી પરિવાર સંપન્ન બની ઘડપણને ભવ્યતા અર્પે છે.

## ઈન્ડોર ગેમ્સમાં વિજેતાઓને ઈનામ

**તા. ૪.૧.૨૦૦૯ના રોજ ''ફન એન્ડ ફેર''ના દિવસે રાત્રે ૮ વાગે આપવામાં આવશે.**

*- અજીત મોદી -કન્વીનીયર*

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# ''આનંદ બજાર''

ફરી એકવાર શ્રી બાલાસિનોર નવયુવક સંઘ 'આનંદ બજાર'મા ભાગ લેવા તથા ભાગ લેનારને પ્રોત્સાહન આપવા સૌ યુવાન ભાઈ-બહેનોને સહર્ષ આમંત્રણ

**સ્થળ :** લાડની વાડી, સી.પી.ટેન્ક-મુંબઈ ૪૦૦૦૦૪,

**તારીખ :** ૪-૧-૨૦૦૯, રવિવાર

**સમય :-** સાંજે ૪.૩૦ કલાકેથી

આનંદ બજારમાં વિવિધ રમતો તથા વાનગીઓના અને ઘરેલું વસ્તુઓના પ્રદર્શન તથા વેંચાણના સ્ટોલ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. **રમત-ગમતના સ્ટોલના રૂા.૬૦૦/- તથા વાનગીના સ્ટોલના રૂા. ૩૦૦/- અને ઘરેલું વસ્તુના રૂા. ૬૦૦/- ભરવાના રહેશે.**

સારી વાનગી માટે ઈનામ રાખવામાં આવશે અને દરેક આવનાર વ્યક્તિમાંથી ૧૦ લક્કી ડ્રો આપવામાં આવશે.

**નોંધ.:- ખુબ ઓછા સ્ટોલ બાકી હોવાથી વહેલો તે પહેલો ધોરણ નીચે મુજબ ના નંબર પર લખાવવા વિનંતી.**

**સંજય જયંતિલાલ શાહ** :- ૯૮૨૦૩૪૧૩૭૦ (૯૮૨૦૩૪૧૩૭૦)
(ઘ) ૨૩૫૨૧૨૪૭૨ (૨૩૫૧૨૪૭૨) - ૯૮૨૦૩૪૧૩૭૧ (૯૮૨૦૩૪૧૩૭૧)

**મંજુલ શૈલેશ ધારીઆ** – ૯૮૨૦૧૩૫૦૧૪ (૯૮૨૦૧૩૫૦૧૪)

સૌ ભાઈ બહેનોને ઉત્સાહપૂર્વક સ્ટોલ નોધાવી કાર્યક્રમ સફળ બનાવવા ખાસ વિનંતી.

***મંત્રી : મંજુલ ધારીઆ, સંયોજક :- સંજય શાહ***

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૦ | ૯ | ૧૫-૧૨-૨૦૦૮ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી
અમીત વ. પારેખ

**પત્રવ્યવહારનું સરનામું**

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ ૢ ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**
૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ
ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.
ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧
(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬
**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**


# કરના મના હૈ

**તંત્રી સ્થાનેથી**

ક્યારે અચાનક એકાદ ક્ષણ માટે લાગે છે કે આવીજ સીચ્યુએશન આવુંજ દ્રષ્ય બરાબર આવીજ ક્ષણ મેં પહેલાં જોઈ છે. વિચારી છે કે પછી દ્રષ્ટિમાન કરી છે. શું તમને પણ આવી ફીલીંગ થાય છે? મેં મારા મિત્રોને વાત કરી, ઘણાએ આની પુષ્ટી કરી. વિદ્વાનો કહે છે આપણી જીંદગી આપણે ભગવાને લખેલી સ્ક્રીપ્ટના હિસાબે જીવીએ છીએ. આપણા હાથમાં કશુંજ નથી. આપણે કોને ક્યારે ક્યાં અને કેટલાં સમય માટે મળીશું, ક્યારે છુટા પડીશું. આપણને ક્યારે શું મળવાનું છે એની માત્રા એનું સાધન એનો સમય બધુજ પહેલેથી નક્કી થયેલું છે. જ્યોતિષ વિદ્યા પ્રમાણે વ્યક્તિ જમવા બેસે પછી થાળીમાંથી એ મિઠાઈનો ટુકડો ઉપાડશે કે પહેલાં ફરસાણ ઉઠાવશે એ પણ નક્કી હોય છે. જાણે ક્યાંક ઉતારેલી ફિલ્મ આ પૃથ્વી ઉપર લાઈવ ચાલતી હોય એમ જ. અને કદાચ એ ફિલ્મનું ભવિષ્યમાં આવનાર કોક દ્રષ્ય આપણી નજર સામે સમય કરતાં પહેલાં જ પસાર થઈ ચુક્યું હોય. જ્યારે ખરેખર એ દ્રષ્ય ભજવાય ત્યારે આપણને એ જોયેલું લાગે. આવા વિચારો આવતાં હતાં ને મુંબઈ ઉપર આતંકવાદીઓ ત્રાટકયાના સમાચાર આવ્યા. ધીરે ધીરે વિશ્વમાં ત્રાસવાદ વધતો જાય છે. આ પરિસ્થિતીને ઉપરની વિચારધારામાં જોવાનો પ્રયત્ન કર્યો. આપણા સુર્યના જન્મને અબજો વર્ષો થયા અને પૃથ્વીનો જન્મ એના પછી થયો. એને પણ અબજો વર્ષોમાં માપી શકાય. કરોડો વર્ષો પછી

જીવ સૃષ્ટિના જન્મની શરૂઆત થઈ અને ધીરે ધીરે નાનામાં નાના જીવોથી શરૂ થઈને એ શૃંખલા માનવીની ઉત્પત્તિ સુધી પહોંચી. વર્ષો વીતતાં ગયા અને કેટલાંયે જીવડાં, પશું પક્ષીઓ આવતાં ગયા, બદલાતાં ગયા, નાશ થતાં ગયા. Survival of Fittest નો નિયમ ફક્ત જંગલ સુધી ન રહેતાં માનવસમાજ સુધી વિસ્તાર પામ્યો. આપણી પાસે પુરાવા અને ઈતિહાસ ફક્ત હજારો વર્ષોમાં છે. મહાભારતના કાળથી શરૂ કરીએ કે રામાયણ કાળથી અને બીજો તર્ક મુકીએ કે ત્યારે ભારત સિવાય કોઈ પણ દેશ દુનિયાના નકશા ઉપર નહતો. ત્યારે ભારતમાં હજારો રાજ્યો હતાં. શક્તિશાળી રાજા નબળા રાજાને પોતાનો આશ્રિત બનાવવા એનો ખજાનો લુંટી લેવા ક્યારે પણ યુદ્ધના નામે હુમલો કરતાં. મહાભારતની જ વાત કરીએ તો અશ્વમેઘ જેવા યજ્ઞોના નામે કેટલીયે વાર પાંડવોએ અને કર્ણએ આખા ભારતના રાજાઓને લલકાર્યા હતા. યુધ્ધો કર્યા હતા અને હજારો લોકોની કત્લેઆમ કરી હતી. એ પહેલાં પરશુરામે ત્રણ વખત પૃથ્વીને ક્ષત્રિયવિહોણી કરી હોવાનો ઉલ્લેખ છે. આપણો ધર્મગ્રંથ ગણાય છે અને એને કહેનાર કૃષ્ણ આપણા ભગવાન ગણાય છે એની હાજરીમાં ગીતાજ્ઞાન દ્વારા લાખો લોકોની હત્યા ધર્મયુદ્ધના નામે થઈ હતી. સમાજ વ્યવસ્થા કેટલી બધી ખોરવાઈ ગઈ હશે, એ પાછી કેવી રીતે અસ્તીત્વમાં આવી એનો કોઈ ઉલ્લેખ નથી. નજીકના ભુતકાળમાં (કાળની દ્રષ્ટિએ) જોઈએ તો ભારતમાં મોગલકાળ દરમ્યાન કેટલાંયે યુદ્ધો ખેલાયા ને હજારો માણસો હણાંયા. હિટલર હોય કે સિકંદર કે નેપોલીયન, આપણા રાજા રજવાડાઓ હોય કે જમીનદારો, કત્લેઆમ ચાલ્યા જ કરે છે. બે વિશ્વયુધ્ધમાં લાખો લોકો મર્યા. નવા પ્રદેશો શોધાતાં આફ્રિકા અને અમેરિકા, ઓસ્ટ્રેલીયામાં લાખો મુળ વતનીઓની કત્લેઆમ થઈ. અંગ્રેજોના જમાનામાં એમના દરેક ગુલામ દેશોમાં માણસો સતત ભયના ઓથાર નીચે જીવતાં. ત્યારબાદ થોડા વર્ષો દુનિયામાં લગભગ બધેજ થોડી શાંતિના ગયા છતાંયે છુટાછવાયા પ્રસંગો દુનિયામાં બનતા જ રહ્યાં. ડાકુઓના ભયથી લોકો ધ્રુજતાં, દરિયાઈ ચાંચિયાઓ પણ સક્રીય હતાં. ડર, ભય, કત્લેઆમનું સામ્રાજ્ય ચાલુ જ હતું. આપણી હિન્દી ફિલ્મોની જેમ અંતમાં મારામારી પછી નવી ફિલ્મ. એક વિલનના મોત પછી આતંક ફેલાવવા નવી ફિલ્મમાં નવો વિલન.

હવે ધીરે ધીરે જગત ઉપર ત્રાસવાદે ભરડો લેવા માંડ્યો છે. જુદા જુદા કારણોસર ત્રાહિત વ્યક્તિઓ બીજાની હત્યા દ્વારા બદલો લેવાની ભાવનાથી આતંક ફેલાવે એને આપણે આતંકવાદીઓ કહ્યાં. જગતમાં બધાજ દેશોમાં આવા આતંકવાદીઓ ફેલાયા છે અને ધીરે ધીરે વિસ્તરતા જાય છે. આપણે મહાભારતના યુદ્ધને ધર્મયુદ્ધ કહ્યું હતું. એ લોકો પણ આને ધર્મયુધ્ધજ કહે છે. નિર્દોષ માણસો ત્યારે પણ કપાયા હતા. આજે પણ મરાય છે. આપણે હવે આ આતંકવાદને સહજ સ્વીકારી લેવાની જરૂર છે. મુંબઈનો હાલનો હુમલો અમેરીકા, બ્રિટન અને ઈઝરાયેલ સામે હતો. તમારી ત્યાં ઘુસવા નહી મળે તો બીજે જઈને તમારા માણસોને મારીશું એવી ચેતવણી હતી.

પહેલાં કહ્યું એમ આ કદાચ નવી ફિલ્મની શરૂઆત પણ હોય, અંત પણ હોય આપણે પરિસ્થિતીને સ્વીકારીને જ જીવવી રહી. ક્યાં ક્યારે કોણ ગોળીથી મરશે, બોમ્બ એટેકથી કે હાર્ટએટેકથી નક્કી જ છે. બસ સહજ જીવતાં જવાનું અને ફિલ્મ જોતા રહેવાની, ડરના મના હૈ.

**- નિખિલ પરીખ**

# ગોરા રંગ ઉપર કાળા કલરનો મહાવિજય...

*- પંકજ કે. શાહ*

માનવીએ મેળવેલી કોઈ ઉપલબ્ધિમાંથી જ્યારે ઈતિહાસની રચના થાય ત્યારે ચોમેર તેના કાર્યની પ્રશંસા થાય છે. સાથે-સાથે આ ગૌરવપુર્ણ ઉજવણીમાં જોડાયેલ સમગ્ર માનવ સમુદાય અનેરો આનંદ અનુભવે છે.

જ્યાં શ્વેત અને માત્ર શ્વેત ચામડીનું વર્ચસ્વ હોય, એવા ગોરાઓના દેશમાં કોઈ અશ્વેત માનવી વિરલ સિદ્ધિ મેળવે, ત્યારે ઈતિહાસ આપોઆપ રચાઈ જાય છે.

એક રીતે જોવા જઈએ તો વિશ્વના વર્તમાન રાજકારણમાં એવા સંજોગો ઉભા થાય છે કે 'રાજકારણમાં હવે કંઈ પણ બની શકે છે'-આજે અમેરિકાના પ્રમુખપદે અશ્વેત સમુદાયના બરાક ઓબામા ચૂંટાયા છે, તો આવતી કાલે ભારત દેશમાં પોતાની જાતને પછાત જાતિઓના મસીહા તરીકે ઓળખાવનાર માયાવતી કે પછી વિદેશમાં જન્મેલ સોનિયા ગાંધી પ્રધાનમંત્રી બની શકે છે! વર્તમાન રાજકારણની આ સૌથી મોટી બલીહારી છે.

કોઈ કાળા કલરનો માનવી અમેરિકા જેવા રાષ્ટ્રનો પ્રમુખ બની જાય એવું સ્વપ્નમાં પણ કોઈ વિચારી ન શકે. અમેરિકાના મતદાતાઓએ દાખવેલી આ ઉદારતા, રાજકારણમાં બદલાઈ રહેલા સમીકરણોની છડી જરૂર પોકારે છે, પણ સાથો-સાથ માનવીના ગૌરવને ગરિમા અપાવતી આ ઘટનાથી અમેરિકામાં નવા યુગના મંડાણ થયા છે.

હજુ ચાર વર્ષ પહેલાં અમેરિકામાં ઓબામાને કોઈ પણ જાણતુ પણ નહોતું. છેલ્લા ચાર વર્ષો દરમ્યાન પોતાના કાર્યો થકી તેઓ પ્રકાશમાં આવ્યા અને પ્રમુખપદ માટેના ઉમેદવારની સ્પર્ધામાં તેઓએ હિલેરી ક્લિન્ટનને હરાવી સોને દંગ કરી દીધા.

આજથી ૪૩ વર્ષો પહેલાં અમેરિકામાં કાળાઓ માટે મતદાનનો અધિકાર પણ નહોતો. કુદરતની લીલા તો નિહાળો. જ્યાં અશ્વેતોને મતદાનનો પણ અધિકાર નહોતો ત્યાં એક અશ્વેત માનવી આજે રાષ્ટ્રના સર્વોચ્ચ સ્થાને પહોચે છે.

**કાળો હોય કે ગોરો. માનવી નહિ, સમય જ હંમેશ મહાન હોય છે.**

અમેરિકામાં તો હવે જાણે નવું રંગરોગાન થયુ હોય તેવુ ભાસે છે. બ્લેક એન્ડ વ્હાઈટના દિવસો ખતમ થયા. કાળા અને ગોરાનો કોઈ ભેદ જ ન રહ્યો. કલરફૂલ દિવસોનું આગમન થયું - **'Let Us Salute to U.S. For the Colourful Victory.'** આપણે સહુ માનવજાતનું ગૌરવ કરતી, અમેરિકામાં આવેલ આ રંગીન દિવસોને વધાવીએ.

લગે રહો મુન્નાભાઈ પિકચરે દેશ-વિદેશના માનવીઓના દિલો દિમાગ ઉપર ગાંધીજીની ફિલોસોફીની જબરી અસર કરી છે. જેમ-જેમ સમય વહેતો જાય છે. તેમ-તેમ ગાંધીજીની મહત્તા અને તેમના વિચારોનો પ્રભાવ સતત વધતા જાય છે. ગાંધીજીના સત્યના પ્રયોગો આજના સમયમાં પણ એટલા જ અસરકારક છે.

ઓબામા એ ચૂંટણીમાં વિજય મેળવી જે ઈતિહાસ રચ્યો તેના પાયામાં ગાધીજીના વિચારોનો પ્રભાવ તથા અશ્વેતોના ગાંધીજી તરીકે ઓળખાતા માર્ટિન લ્યુથર કિંગનું બલિદાન બંને રહેલા છે.

આપણે બહુ દૂર જવાની જરૂર નથી. માત્ર પાંચ દાયકાઓ એટલે કે લગભગ પચાસ વર્ષો પહેલાની વાત છે. ત્યારે અમેરિકામાં રંગભેદની અમાનવીય પરિસ્થિતિ પ્રવર્તતી હતી. તે જમાનામાં એટલે કે ૧૯૫૫ પહેલાં બસ સ્ટેન્ડ ઉપર જેવી સીટીબસ આવે ત્યારે તેમાં પ્રથમ ચઢવાનો અધિકાર ગોરાઓનો રહેતો. બધા જ ગોરા આગળની હરોળમાં ગોઢવાઈ જાય ત્યારબાદ જો જગા રહે તોજ પાછલી હરોળમાં કાળા મુસાફરોને બેસવા મળે. બસ પછી આગળના સ્ટેન્ડ ઉપર જાય ત્યારે ગોરા મુસાફરો પ્રથમ ચઢે. બસમાં

બેઠેલા કાળા મુસાફરો ઉભા થઈ જાય અને ગોરાઓને પોતાની જગ્યા આપી દે. આમ બસ આગળ વધતી જાય. જો બસમાં બેસવાની જગ્યા ન બચે તો ગોરા મુસાફરો કાળા મુસાફરો સાથે ઉભા રહેવાને બદલે બસમાંથી ઉતરી જાય. આવા તો અનેક અપમાનજનક સંજોગોનો સામનો કાળાઓ ભોગવતા.

ત્યારે લગભગ ૧૯૫૫-૫૬માં માર્ટિન લ્યુથર કિંગે બસનો મુદ્દો લઈ સમાન હક્ક અંગેની લડતનો પાયો નાખ્યો. ગોરી પ્રજાના અમાનવતા ભર્યા વર્તન, દંભ અને અત્યાચારો સામેની લડતમાં માર્ટિન કિંગ અમેરિકાની સરકાર, ત્યાંની પ્રજા તથા ન્યાયતંત્ર સમક્ષ પ્રખર ક્રાંતિકારી નેતા તરીકે બહાર આવ્યા. ૧૯૬૫માં સમાન હક્ક આનંદોલનનો ભવ્ય વિજય થયો. આમ ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા લઈ માર્ટિન કિંગે ઈતિહાસનું સર્જન કર્યુ, અને અશ્વેતોના ગાંધીજીનું બિરૂદ પામ્યા. ૧૯૬૮માં માર્ટિન લ્યુથર કિંગની હત્યા થઈ.

આજથી લગભગ તેપન વર્ષો પહેલાં અમેરિકાની સીટી બસમાં ભૂલેચુકે જગ્યા રહી હોય અને બસમાં બેસવાનું જો ભાગ્ય મળી જાય તો કાળા રંગનો માનવી પોતાની જાતને ભાગ્યશાળી માનતો. આજે સમય એવો પલટાયો કે એજ કાળા રંગનો માનવી અમેરિકાની ડ્રાઈવીંગ સીટ ઉપર બીરાજમાન થયો છે. પેલુ ગાયન સહેજ યાદ આવી જાય. 'ગોરે રંગ પે ઈતના ગુમાન ન કર, ગોરા રંગ તો એક દિન પિગલ જાયગા.'

આમ આજે ઓબામાએ જે ઈતિહાસ રચ્યો તેના પાયામાં ગાંધીજીના વિચારોનો પ્રભાવ તથા માર્ટિન લ્યુથર કિંગે આપેલ બલિદાન દ્રષ્ટિગોચર થાય છે.

ઝળહળતા વિજય બાદ લગભગ અઢીલાખ લોકોની જંગી મેદની સમક્ષ ઓબામાએ જે વિચારો રજુ કર્યા તે તમામ શબ્દો મજબુત ઈરાદાઓથી ભરેલા હતા. જે લોકોને માનવતાના કાર્યમાં રસ છે, જે લોકો વિવિધ સંસ્થા દ્વારા સમાજસેવા કરવાની ઉત્કંઠા ધરાવે છે, તથા જે લોકો શુધ્ધ રાજકારણ દ્વારા જાગૃતિ લાવવા માંગે છે તે સહુએ આ પોલાદી વિચારો વાંચવા જોઈએ અને જીવનમાં ઉતારવા જોઈએ.

હકીકતમાં વિજય પોતે પરિવર્તન નથી પરંતુ પરિવર્તન માટેની એક તક છે. જે માનવી આવી વિજયી તક મેળવવા ભાગ્યશાળી બને છે તે માનવી આ તકનો કેવો સદ્ ઉપયોગ કરે છે તેના ઉપર જ તેની સફળતાનો કળશ ચઢે છે.

પ્રમુખપદે ચૂંટાયા બાદ ઓબામાએ જે વિશ્વાસ, આશા અને ધગશથી પ્રતિકુળ સંજોગો સામે હળીમળીને માર્ગ કાઢવાની વાતો કરી તે સાંભળી, વાંચી લાગ્યુ કે અમેરિકાનું સુકાન યોગ્ય વ્યક્તિના હાથમાં છે.

એમાંય એક ભારતીય તરીકે ગૌરવ લેવા જેવી ત્રણ બાબતો મને ખૂબજ ગમી. એક તો ઓબામા પોતે હનુમાન ચાલીસામાં શ્રદ્ધા ધરાવે છે, અને પોતાની ટેનામેન્ટની કચેરીમાં બજરંગબલિની સુંદર છબી રાખે છે. બીજી વાત પૂ. ગાંધીજીને પોતાના જીવનનો આદર્શ માને છે અને કચેરીમાં મહાત્મા ગાંધીની તસવીર રાખે છે અને ત્રીજી વાત તા. ૧૨મી નવેમ્બરે તેઓએ આપણા દેશના વડાપ્રધાન મનમોહન સિંહને સામેથી ફોન કરી પોતાના દિલની વાતો રજુ કરતાં કહ્યું,**'ભારત અને અમેરિકા વચ્ચેના વ્યૂહાત્મક સંબંધો એક અતિ મહત્વની ભાગીદારી છે. અમારુ નવુ વહીવટી તંત્ર તમામ મહત્વની વૈશ્વિક સમસ્યાઓ અંગે ભારત સાથે રહીને કામ કરવા ઈચ્છે છે.'** વિશ્વના સૌથી શક્તિશાળી રાષ્ટ્ર તરફથી ભારતદેશની મહત્તાને સન્માન મળ્યું છે.

ગોરા કલર વચ્ચે રહી, કાળા રંગના માનવીએ મેળવેલ આ વિજયને નિહાળી શ્યામ સુંદર કૃષ્ણ ભગવાન પણ જરૂર હરખાયા હશે.

આપણે સહુ આપણા સહુના લાડીલા શ્રી કૃષ્ણ ભગવાનને વિનવીએ કે 'હે નાથ, તુ જેમ બને એમ જલ્દી આ ધરા ઉપર જન્મ લે અને માનવજાતનો ઉદ્ધાર કર અથવા જો તારે જન્મ લેવામાં હજુ વાર હોય તો આ વિશ્વના તમામ શાસકોને વર્તમાન સમયના પડકારો સામે લડવાની શક્તિ આપ.'

ઓબામા જેવા નેતાઓ મજબુત મનોબળ ધરાવે

છે. મુશ્કેલીઓ સામે લડવાની હિંમત છે. પોતાની મંજીલ સુધી પહોચવાની આશા રાખે છે પણ શ્રી કૃષ્ણની કૃપા વિના આ શક્ય નથી.

આર્થિક કટોકટી અને મંદીના કારણે લોકોની હિંમત તૂટતી જાય છે.

સમગ્ર માનવજાત માટે આશાનું કિરણ માત્ર શ્યામ સુંદર ગિરધારી છે.

જેમ ઈન્દ્રદેવના પ્રકોપ સામે તે વ્રજવાસીઓની રક્ષા કરી હતી તેમ વર્તમાન સંજોગોમાં મંદી અને બેકારી સામે લડતા તારા ભક્તજનોની તારે રક્ષા કરવી જ પડશે.

વર્તમાન સંજોગોમાં વિજય મેળવ્યા પછીનો ઓબામાનો માર્ગ ખૂબ કઠીન છે. ચઢાણ કપરાં છે. રસ્તાઓમાં અનેક કંટકો છે. છતાં ઈરાદાઓ મજબુત છે. વચ્ચે-વચ્ચે ભગવાન શ્રી કૃષ્ણ જરૂર માર્ગદર્શન બનશે અને સહુની આવતી કાલ ઉજ્જવળ બનશે એજ અભ્યર્થના.

# 'અતિરેકનો અનુભવ'

(આનંદ-સુખનો)

બાર વાગ્યાની ભીતરમાં, મને કોકની યાદ આવી,
મૃત યાદો સળવળી, જીંવત થઈ, પાસ રમતી રહી. (૧)
હાથ ફરતાં, કોક પાસની લાગણી થવા લાગી,
શા માટે જાગું ? ના પડળો હઠયા, બસ પડ્યો, પડયો
આનંદની મસ્તી માણતો રહ્યો ! (૨)
સંકા ઉઠે છે મનમાં, ભૃષ્ટતો નથી થતો ને !
ભ્રમમાંને ભ્રમમાં ચુસ્કી ભરતો ભ્રમર,
કમળની બાહુપાસમાં કેદ પડી રહ્યો !
બહાર નીકળવાનો દંભ કરતો (ફક્ત દેખાડો)
હાયરે ! નિષ્ફળતામાં આનંદ ને સુખ.
મસ્તીએ ચઢેલાં વિચારોના વમળમાં,
કંઈક ખોયાનો અહેસાસ 'ભીનાશ'.
ક્ષણિક 'આનંદ સુખનો'- અતિરેકનો અનુભવ' !

***'ચાંદશા', ચંદ્રકાંત શાહ (ચટઈ)***

# મન મંદિર તન તુલસી

*- ઉષા એસ. ધારીયા*

પ્રભુનું સાચુ સરનામું શું ? પ્રભુનો જન્મ ક્યારે થયો ? પ્રભુજી તો પંચમહાભૂતમાં વસેલો છે. 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ'..., મીણબત્તીનું મુખ કઈ દિશાએ છે એ કોઈ કહી શકશે. મીણબત્તીનું મુખ સવોત્ત્મુખી છે. કોઈ પણ એંગલથી જોતાં તેનું મુખ કઈ દિશાએ છે એ નક્કી નહી કરી શકો ? આગળ કહયું તેમ તેનું મુખ સર્વોત્ત્મુખી છે. એવી જ રીતે પ્રભુ પણ સર્વોત્ત્મુખી છે. પ્રભુ ક્યાં નથી ? કોઈ કહી શકશે કે હવા કયાં હોય છે. હવા બધે જ સમાયેલી છે. પરંતુ તેને નરી આંખે જોઈ શકાતી નથી. તેને તોલી શકાતી નથી તેવી જ રીતે પ્રભુજીને આપણે જોઈ શકતાં નથી. તેની તુલના કરી શકતા નથી. વળી એ તો અજન્મા છે. તેમનો જન્મ અને મરણ કશું ય શક્ય નથી, તે નિત્ય છે, સાસ્વત છે, તમે કદાચિત કહેશો કે ગોકુળમાં જન્મ થયો છે. કૃષ્ણકનૈયાનો, પરંતુ એ તમારા મનને સૂચક કહાનીની સમજ આપવા પૂરતું જ, બાકી તો તેણે જે બાળલીલા કરી છે તે અશક્ય અને અસંભવ છે. સાત વર્ષમો બાલ ગોપાલ ટચલી આંગળીએ ગોવર્ધન ઉંચો કરે અને તે પૂતનાને મારી અને કંસમામાને મારી નાંખ્યો ત્યારે ય તેઓ કિશોર વયના હતા. ગીતાનો ઉપદેશ આજે પણ દુનિયામાં શ્રેષ્ઠ ગણાય છે અને એ ઉપદેશ તેમને રણાંગણમાં આપ્યો. આ બધું તો માનવીના માનસને સમજ આપવા પુરતુ જ બાકી પ્રભુ તો અજન્મા છે. સૂરજ રોજ સવારે ઉગે અને સાંજે આથમે એટલે તેમનું જન્મ મરણ થાય છે એવું નથી. તે નિત્ય છે, એમ આપણા પ્રભુજી પણ નિત્ય, નિરાકાર, અજન્મા છે.

હવે આપણા પ્રિય જનને કાગળ લખવો હોય તો તેનું પોસ્ટલ સરનામું પહેલાં જ જોઈએ. એવી જ રીતે પ્રભુજીને આપણી પ્રાર્થના પત્ર પહોંચાડવાનો એક માત્ર સરળ રસ્તો એટલે મંદિર. પ્રભુજીને મૂર્તિમંત નિહાળવાનો લ્હાવો માત્ર મંદિરમાં જ મળે. પરંતુ 'મન હોય તો માળવે જવાય', અને આ માટે આપણે મંદિરે જવું પડે. આ તો જવાની વાત થઈ, પરંતુ આપણે મનને જ મંદિર બનાવીએ તો ?

અચ્છા હવે મંદિરમાં મૂર્તિ તો પ્રભુજીની હોય જ, અને એ આપણા હૃદયમાં બિરાજશે. ' મારે હૃદય-કમલસુ શ્રીજી બિરાજે'. મંદિરને કેમ સજાવશો ? તમે સેવા કરો તો નાહીને પૂજાના કપડાં પહેરીને કરો તેવી જ રીતે આપણે પ્રભુજીને પણ સ્વચ્છતાના માહોલમાં રાખીશું. મનભાવન સુંદરસુ ભોજન ધરીશું. જેમ સેવા કરતી વખતે મન નિર્મળ રહે તેવી જ રીતે આપણું મન નિર્મળ રહેવું જરુરી છે. આંગણામાં યા બારીમાં તુલસીજીનો છોડ મહેકે તેમ તન તુલસીજીની મહેકાંથી સજાવીએ તો કેવું. આ બધું કરવાનું પ્રયોજન એટલું જ સંસારમાં જ આપણે સર્વે ગળાડૂબ રહેલાં છીએ, પરંતુ આપણું મન કયારેય કલુષિત, કઠોર, ન બને. ઘણા જણા એ એક વિવાદ ઉભો કર્યો છે કે આપણે જ આ અમલમાં મૂકવું જોઈએ, પરંતુ જે કલમથી સરસ્વતીને વધાઈ દેવાતી હોય એ મનમાં કલુષિતતા કદી પ્રવેશી જ ન શકે. આ તો દરેક ઘરને મંદિર, મનને મંદિર અને તનને તુલસી જેવું પવિત્ર રાખવાની વાત છે. લોભ, મોહ, માયા, જુઠાણાના આવરણથી બચાવીને ઘરમાં રહેવાનું મન થાય એવું વાતાવરણ સર્જાય તો મન મંદિર બને, તન તુલસીની જેમ મહેકે, પ્રભુજીનો જ્યાં વાસ હોય ત્યાં સર્વે કોઈ મંગલમય બને, અને આપણા હૃદયમાં બિરાજેલા શ્રીજીબાબાને નવાજી શકીએ એવું નિર્મળ મન અને તુલસી જેવી પવિત્ર મહેક વાળું તંદુરસ્ત તન રાખવાનું છે. હૃદય મંદિરમાં બિરાજતા શ્રીજીબાબાને ફૂલની માળા ચઢાવવાને બદલે અહંકાર ચઢાવવાનો છે. અચ્છાઈથી પ્રભુજીના મંદિરને અજવાળવાનું છે. સાચે જ જો તમે ઠાકોરજીને સાક્ષાત બિરાજેલા સ્વીકારશો તો તેનો સંગ તેનો રંગ તમારા મનને બહેલાવતો રહેશે. સંસારથી જળકમળ વત અલિપ્ત રાખશે.

# નહેરા એસી લગાઈ

મોસો નહેરા એસી લગાઈ ગયો રી
મોસો પ્રીત એસી જગાઈ ગયો રી
મારે દિલમાં એસો સમાઈ ગયો રી
સુરતાં નિહાર મેંતો મગન ભઈ રી
સુધના મોરી મેંતો બિસર ગઈ રી
મોં જો બિસારું તું નાહી બિસરાય રી
પ્રેમસે પત્તિયાં મોરી નિખાર ગયો રી
મો સો ખુશ્બુ સે અપની પમરાઈ ગયોરી
વો હૈ મૈયા જસોદાજી કો છેલ રી
જાન્હુ વો હૈ નટખટ નટવર નંદકુંવર છેલ રી
છૈલેયાસે લાગી લોવ છૂટે નાહી રી
રંગ ગહેરા ઈતના, દૂજો દીસે નાહી રી
જાનુ જનમ જનમ કી યહ પ્રીતી રી
દાસી તોહરી માને યહ રીતી રી
તુંહી મેરો પરમ સનેહી રી
ગોકુલ કો ગીરધારી રી,
મસ્ત મગન ભઈ હું તો હરખાઈ રી.'

વિચારવા ન રહેતાં મનને મંદિર અને તનને તુલસી બનાવજો. 'કૃષ્ણ કનૈયાના' નામમાં જે મોહીની છે, એ તમારી સુધના બિસરાઈ દેશે. મનમાં સાચે જ સાક્ષાત શ્રીજીબાબા બિરાજતા હોય તો ? આ ભાવને ખરા મનથી અપનાવશો તો મન આનંદની અવધિમાં રાચશે. દુન્યવી માયાનું આવરણ છૂટશે.

'એક સાંવરે છોરે સે મેરી પ્રીત લગી રૈ'
'હું તો મારા હરિજી કે હાથ બિકાની'
'એક તુંહી પરમેશા મેરા
તુંહી આધાર એક મેરા'.

તમે જોશો તો કોઈ સંત મંદિરમાં જશે નહી. કોઈ પણ ભાઈઓ બેનો મંદિરે જાવ તો દર્શન કરી બહુમાં બહુ પાંચ મિનિટમાં બહાર નીકળી જશો. જ્યારે મનમાં શ્રીજીબાબાને પધરાવશો તેનો સાંચનો રંગ સહ, સહવાસ માણશો તો તે હરપલ તમારી સંગે જ રહેશે. તમને તેનો સાક્ષાત્કાર પણ થશે જ થશે. બુરાઈથી બચી જશો. મનથી વિચારજોને અમલમાં પણ મૂકશો. માનસી સેવાનો લાભ અંતરમનથી લઈ શકશો. મંતવ્ય મારું, સોંચ મારી, તમો અમલમાં મૂકશો તો આનંદનો આવિષ્કાર પામશો. તમો આસ્થાની જ્યોત અને ભરોસાની બાતી, મનના ભાવનું તેલ ઘી અને હૃદયનો દીપ પ્રભુજીને મનમાં જ આસન જમાવી બેસાડો, લાલન પાલન કરો, ભજન કિર્તનથી, જાપથી મનના ઠાકોરજીને રીઝાવશો. અવસર હી અવસર, પૂજા હી પૂજા, 'મન મંદિર તન તુલસી'.

મંદિરની પાંચ મિનિટની દોટ અને હૃદય મંદિરમાં પ્રભુજીનો દિનને રૈનનો સંગ...જન્મધરીને સાથ માણી શકશો.

પરંતુ માનસી સેવાનો રંગ, સંગ, અનેરો હોય, બુરાઈ થી બચાવશે અને અંતિમા સુધી તે સાથ આપશે. બીજી કોઈ વાત હોય તો ઠીક આ તો આપણા વહાલા, લાડીલા શ્રીજીનો સંગ રંગ માણવાનો મનોરથ...

તમારી શ્રદ્ધાને બળવાન બનાવો. પ્રભુજી વિના એક પાંદડુ પણ હાલી શક્તું નથી, જનમ, મરણ, પરણ, દિવસ, રાત, સર્વ કાંઈ પ્રભુજી વિના વિદિત નથી, માટે જ મનમાં ઠાકોરજીને જો સાચા ભાવથી બસાવશો તો લાડીલો કૃષ્ણ તમારા રસ્તામાંની પથરીલી રાહ સરળ બનાવશે. માંગશો નહિ ફક્ત તેને હૈયે વસાવોને મુખેથી જપતા રહો.

'હરિ નામ સાંચા, હરિ નામ પ્યારા'
હરિ નામમેં સબ જગ સમાયા...
હરિ નામ સાંચા, હરિ નામ પ્યારા...

*- ઉષા એસ. ધારિયા*

# પ્રેમલ જ્યોતિ

પંથકે રાહગીર તુંહી પ્રભુજી
સૂચક સ્નેહી સ્વજન તુંહી
પૂરક પ્રેરક તુંહી પ્રભુજી...પંથકે
સુરત સિરત તેરી પ્યારી
અગમ નિગમકી તેરી બાની
તેરે નયનોકી પ્રેમલ જ્યોતિ...પંથકે
અનમોલ હો પ્રભુ તેરી શક્તિ
તેરી શક્તિ મેરી ભક્તિ
મેરે પ્રાણોકી પરિભાષી તુંહી...પંથકે
સદા રહો પ્રભુ અંતર નિવાસી
મંગલમય પ્રભુજી તુંહી તુંહી
પંથ કે રાહગીર તુંહી પ્રભુજી...પંથકે
તુંહી પ્રભુજી... તુંહી પ્રભુજી...

***- ઉષા શૈલેષ ધારીયા***

# સાચા ધર્મની ઓળખ

આપણે બીજાના ભલા માટે જે કાંઈ કાર્ય કરીએ છીએ, ખરા ખોટા હોય પણ તેને આપણે ધાર્મિક કાર્ય તરીકે ઓળખીયે છીએ. સાચા ખોટા ધાર્મિક કાર્યો કોને કહેવાય તે જાણવાની રીત જુદી છે. મહાભારતની યુદ્ધ ભૂમીપર લડાઈ કરતા પહેલા અર્જુને લડવાની કૃષ્ણાને ના પાડીને કહ્યું હું પાંડવોના ભલામાટે મારા કાકાના છોકરાઓ સાથે લડીશ નહીં કારણકે તેમાં જો તેઓનો વધ થશે તો હું પાપમાં પડીશ અને અર્ધમ કૃત્ય કર્યું એમ કહેવાશે. અર્જુનને સમજાવતા કૃષ્ણે કહ્યું કે જો તું નહીં લડે તો એ તારું અધર્મ કૃત્ય હશે. કોઈ પણ કાર્ય બધાના ભલા માટે કર્યું હોય અને તેમાં અધર્મ થયું હોય તો તે અધર્મ હોય નહી. કોઈના પણ અંગત સ્વાર્થ માટે કાર્ય થયું હોય અને બાકીના બધાને હાની પહોંચી હોય તો તે અધર્મ છે. કોઈપણ સ્વાર્થ વિના બધાના ભલા માટે કાર્ય થાય છે તે ધાર્મિક કાર્ય કહેવાય છે. આ ઉપરથી આપણે પણ સમજી લઈએ કે જે કોઈ કાર્ય કરીએ તે ધાર્મિક હોવું જોઈએ તેજ સાચું ધાર્મિક કાર્ય છે. તે બધાના ભલા માટે હોય. આજ સારું ધાર્મિક કાર્ય અને આધ્યાત્મિક કાર્ય કરવાની રીત છે, અને તેને સમજવાની રીત છે.

## અંધેરી ગ્રુપ ઓફ બાલાસિનોર

**સ્નેહી સ્વજન,**

અંધેરી ગ્રુપના હાલ વસતા તથા નવા રહેવા આવેલા સભ્યો માટે સમુહ ભોજનનો કાર્યક્રમ રવિવારે તા. ૪-૧-૨૦૦૯ના રોજ સવારે ૧૦ કલાકે અંધેરી રીક્રીયેશન કલ્બમાં યોજેલ છે. સહુ સભ્યો તથા કુટુંબીજનોને આમંત્રણ છે.

કલ્પેશ ધારીયા : ૯૮૨૦૫૯૭૧૪૯
પરેશ પરીખ : ૯૮૨૧૦૩૮૮૬૪
પંકજ શાં પરીખ : ૯૮૨૦૧૭૨૦૯૧

# છોટી ગોકુલ - બાલાસિનોરમાં શ્રી કનૈયાપ્રભુ ચરણપાદુકા ભવનનો રજત જયંતિ ઉત્સવ

મહાભારતમાં શ્રી કૃષ્ણે અર્જુનનો રથ હાંકી એના સારથી બન્યા હતા. વાત એકાદ સદીના સમયની છે, જ્યારે શ્રી કનૈયા પ્રભુએ મહદ્ મણી-શ્રી મણીલાલ ચુનીલાલ દેસાઈના સારથી બની એમનો રથ હંકારવાની લીલા કરી હતી. આવા વલ્લભકુળ આચાર્ય ૧૦૮ શ્રી કનૈયાલાલજી મહારાજ ઉર્ફે 'શ્રી કનૈયાપ્રભુએ' સ્વ હસ્તે પધરાવી આપેલ પોતાની 'ચરણપાદુકા'ની સેવા છોટી ગોકુલ સમા વાડાસિનોરના મંદિર ફળિયામાં આવેલ ચરણપાદુકા ભવનમાં થઈ રહી છે. આ ભવનનું નિર્માણ ૨૫ વર્ષ પહેલાં 'મહદ્મણી'નાં પુત્રોએ સેવાર્થે આપેલ મકાનને તોડી કરવામાં આવ્યું હતું.

વર્ષોની પરંપરા અનુસાર આ સેવા થઈ રહી છે પૂર્વે બે બહેનો-ડાહીબેન-સવિતાબેન તેમના પછી શ્રી મહદ્મણી'ના પુત્ર શ્રી નટવરલાલ દ્વારા અને એમના પછી તેમનાં ધર્મપત્ની કુંજબાળાબહેન દ્વારા અને હાલ તેમની નિગેહબાની હેઠળ શ્રી પ્રિયકાન્ત કીર્તનલાલ દેસાઈ (લાટવાળા) આ સેવા કરી રહ્યા છે, તેમને શ્રી કનૈયાપ્રભુ ઉર્ફે શ્રી વિઠ્ઠલપ્રભુના સ્થાનિક તેમજ ગામ-પરગામ વસેલા અનેક ભક્તોનો અને ખાસ કરી વિરપુરવાસી હાલ બાલાસિનોરમાં શ્રી નગીનદાસ દેસાઈ વગેરેનો અમૂલ્ય સહયોગ સાંપડી રહ્યો છે. આ મંદિરનો નિભાવ તમામ વૈષ્ણવો દ્વારા થાય છે.

સદર ભવનના નવનિર્માણનાં ૨૫ વર્ષ પૂરાં થયે અને શ્રીમહદ્ મણીનાં ૧૨૫ વર્ષની જયંતી નિમિત્તે બાલાસિનોરમાં શ્રી વિઠ્ઠલપ્રભુના પ્રાગટ્યદિન કારતક વદી ૧૧ હોવાથી તા. ૨૨,૨૩,૨૪,ના ત્રણ દિવસ ભવ્ય મનોરથ ઉજવાઈ ગયો જેને મંદિરની સેવા કરનાર શ્રી પ્રિયકાન્ત દેસાઈની દોરવણી મળી રહી છે. આ પ્રસંગે લગભગ ૫૦૦ જેટલા વૈષ્ણવો અત્રે ઉપસ્થિત રહેશે. ઉત્સવનાં મનોરથી શ્રી કુંજબાળાબહેન નટવરલાલ દેસાઈ અને એમનાં પુત્રો છે.

ધામધુમથી આ પ્રસંગ ઉજવાઈ રહ્યો છે ત્યારે ભવનને રોશની ધજાપતાકાથી શણગારવામાં આવ્યું છે. આખા મંદિર, ફળિયા અને બહાર મુખ્ય દરવાજા સુધી મંડપ બાંધી શણગારવામાં આવ્યું છે.

રોજ રાત્રે - સવારે શ્રીજીનાં મંગલ ધોળ-કીર્તન વગેરે માટે સમાજ બેસે છે અને આનંદ-મંગલ વર્તાઈ રહ્યો છે.

શ્રીજીની શોભાયાત્રા મંદિર ફળીયામાંથી નીકળી વાજતે ગાજતે લગભગ આખું બાલાસિનોર ગામમાં ફરી પાછી મંદિર ફળીયામાં આવી. આ શોભાયાત્રાનો લાભ બધાં ગામવાસીઓએ લીધો અને ખુબજ સુંદર પ્રસંગ પાર પાડ્યો.

## LIGHT & LIFE

HOW PLEASANT WAS SUNSET
SKY WAS FULL OF LOVELY SHADES
BUT EVERY THING LOOKS BLACK AND DARK
WHEN LIGHT FADES
GRASS AND FLOWERS BIRDS AND TREES
MOUNTAINS AND THE SEA
ALL LOOSE THEIR COLOUR
HOW STRANGE IT TO SEE
I WAS RESTLESS WHOLE NIGHT
COULD NOT HAVE A SLEEP
WHAT IS LIFE WITHOUT LIGHT
I THOUGHT DEEP AND DEEP
NO THE NEST MORNING
WAS NORMAL EVERYTHING
LIFE TOO IS LIKE DAY AND NIGHT
SOMETIMES DARK, SOMETIMES BRIGHT
EVERY NIGHT HAS MORNING
SO NEVER BE SO SAD
DARKNESS NEVER LASTS FOR EVER
THINK GOOD TIME IS AHEAD.
DONT BE DISAPPOINTED
IF DAYS ARE AGAINST
PRAY GOD ALMIGHTY
AND HOPE FOR THE BEST
WHEN GOD IS WITH YOU
AS YOUR SAVER
IS IT WISE TO WEEP AND CRY?
NEVER, NEVER, NEVER

*COMPOSED BY - B.S.GANDHI - KANPUR*



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

## દિવાળી સ્નેહ સંમેલનના મુખ્ય મહેમાન મધુબેન બાબુલાલ દેસાઈ (પેઢીવાળા)નો પરિચય:–

શ્રી રમણલાલ ચંદુલાલ પરીખ (હૈદરાબાદવાળા)ના સુપુત્રી મધુબેનનો જન્મ ૧૯૨૭માં બાલાસિનોરમાં થયો હતો. ફાઈનલ સુધી અભ્યાસ કરી, ૧૮ વર્ષની ઉંમરે લલ્લુભાઈ અમૃતલાલ દેસાઈ (પેઢીવાળા)ના સુપુત્ર બાબુભાઈ સાથે લગ્નગ્રંથીથી જોડાયા.

સ્વભાવે મિલનસાર, ધર્મ પરાયણ તથા સેવાભાવી મધુબેન સંયમ ચોક્કસાઈ અને સમયને અનુરૂપ પ્રેકટીકલ રહેવામાં માને છે.

સેવાભાવી તથા પરગજુ એવા મધુબેનના સસરા લલ્લુભાઈનું અવસાન થયું ત્યારે બાલાસિનોરમાં બંધ પાળવામાં આવ્યો હતો.

મધુબેન અને બાબુલાલ તથા જેઠ કિર્તનલાલ અને જેઠાણી તારાબેનના કુટુંબનું એક માત્ર સંતાન પ્રશાંતભાઈ. દાદાએ ૧૯૧૨માં કાલબાદેવીમાં શરૂ કરેલ. લલ્લુભાઈ સાંકરલાલ દેસાઈ એન્ડ કં. નો કારોબાર કુશળતાપૂર્વક સંભાળે છે.

સામાજિક સેવાના કાર્યમાં બની શકે એટલું યોગદાન આપવાની આ કુટુંબની ભાવના છે. બાલાસિનોરની વિવિધ સંસ્થાઓ સાથે પેઢીવાળા કુટુંબ એક યા બીજી રીતે સંકળાયેલ છે.

શ્રી.બા.ન.સંઘની હોસ્પિટલ સહાય યોજના તારાબેન કિર્તનલાલ દેસાઈના નામે છે.

મેડીકલ ટ્રસ્ટમાં ફિઝીયોથેરેપી વિભાગ સાથે લલ્લુભાઈ અમૃતલાલ દેસાઈનું નામ જોડાયેલું છે.

વિદ્યોત્તેજક મંડળમાં ન્યાસ ફંડ આપેલ છે બાલાસિનોરમાં જરૂરીયાતવાળા લગભગ ૩૫૦ જેટલા કુટુંબોને દર મહિને અન્ન સહાય આપે છે.

નાથદ્વારામાં ન્યુકોડેજમાં એક કોટેજ ટેમ્પલ બોર્ડને અર્પણ કરેલ છે.

તે ઉપરાંત - હોસ્પિટલમાં ડૉકટર ક્વાટર્સના નામકરણ માટે તથા વિદ્યામંડળમાં બાલાસિનોરની કોલેજ માટે નોટબુક તથા ફી રાહતમાં પણ દાન આપેલ છે.

આવા ઉદારદિલ દાતાઓ માટે સમાજ ગૌરવ અનુભવે છે. આવા સુંદર કાર્યો કરવા પ્રભુ તેમના કુટુંબીજનોને વધુને વધુ પ્રેરણા અને શક્તિ આપે.

તારીખ ૪ થી નવેમ્બરે બપોરે ૨.૩૦ કલાકે તેજપાલ ઓડિટોરીયમમાં દિવાળી સ્નેહસંમેલન નિમીત્તે શ્રી કોસ્તુભ ત્રિવેદી પ્રસ્તુત નાટક ‘બા અમારા બીગ બૉસ’ રાખવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન મધુબેન બાબુલાલ દેસાઈ (પેઢીવાળા) હતા. મધુબેન તરફથી નાટક બતાવવામાં આવ્યું હતું. ગીફટમાં ઘડિયાળ તથા તેમની પૌત્રી ઝીલનો જન્મ દિવસ હોવાથી સહુને કેક આપવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં સહુને ગીફટ અને મહિલા વિભાગ તરફથી વેફર્સના પેકેટ તથા સેન્ડવીચ આપવામાં આવી હતી. કોલ્ડ્રીંક માટે કુપન તથા

કાર્યક્રમને અંતે સહુને બોક્ષમાં કેક તથા સમોસા આપવામાં આવ્યા હતાં. અમને જણાવતા આનંદ થાય છે કે નાસ્તાના પેકેટસ તથા બોક્ષ આપણીજ બહેનોએ શ્રીમતી પલ્લવી ભુપેન્દ્ર દોશીના ઘરે તૈયાર કર્યા હતાં.

મધ્યાંતર દરમ્યાન કાર્યક્રમના માનવંતા મુખ્ય મહેમાન મધુબેન, પુત્ર પ્રશાંતભાઈ, પુત્રવધુ મીતાબહેન તથા પૌત્રી ઝીલનું બહુમાન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમતી અમી ધારીયાએ મધુબેન દેસાઈનો પરિચય આપ્યો હતો. શ્રી બા.ન.સંઘના મંત્રી શ્રી મંજુલ ધારીયાએ શાલ ઓઢાવી મધુબેનનું સન્માન કર્યું હતું. તથા પ્રમુખ શ્રી પ્રદીપ કડકીઆએ મોમેન્ટો આપી અભિવાદન કર્યું હતું. મધુબેનના સુપુત્ર પ્રશાંતભાઈએ મહિલા વિભાગની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. સામાજિક સંસ્થાઓ દ્વારા દાતાઓએ આપેલ દ્રવ્યનો સુંદર કાર્યો માટે સદઉપયોગ થઈ રહ્યો છે એ બદલ ખુશી વ્યક્ત કરી હતી. કાર્યક્રમનું આયોજન સુંદર રીતે થાય એ માટે પ્રશાંતભાઈ , મીતાબહેન તથા મધુબહેન મહિલા વિભાગ સાથે પૂરેપૂરા Involve થયા હતા.

ઠાકોરજીની કૃપા, મુખ્ય મહેમાનના કુટુંબીજનોની સુંદર ભાવના અને દિલથી સમાજ માટે કંઈક કરી છૂટવાની ધગશને કારણે જ આપણા કાર્યક્રમો આનંદ અને મંગલમય રીતે ઉજવાય છે સામાજિક, ધાર્મિક અને મનોરંજન કરાવતા કાર્યક્રમો માટે ઉદારદિલ દાતાઓ તરફથી જે સાથ-સહકાર મળે છે તે ખૂબજ પ્રશંસનીય છે. મહિલા વિભાગ અંતઃકરણ પૂર્વક મધુબેન, પ્રશાંતભાઈ તથા મીતાબહેનનો આભાર માને છે.

પ્રસંગને અનુરૂપ સંસ્થાના મંત્રી શ્રી મંજુલ ધારીયા, પ્રમુખશ્રી પ્રદીપ કડકીઆ તથા મહિલા વિભાગના સંયોજક શ્રીમતી મિનોતી શાહએ પોતપોતાના વકતવ્ય આપ્યા હતા. શ્રીમતી સોહીણી કડકીઆએ આભાર વિધિ કરી હતી.

વોલીંટીયર્સ બહેનોએ સવારે ૧૦.૦૦ વાગે પલ્લવી બહેનને ઘરે આવી નાસ્તાના Boxes તૈયાર કર્યા હતાં તેમજ તેમને સોંપાયેલી કામગીરી સુંદર રીતે નિભાવી આયોજનમાં સાથ અને સહકાર આપ્યો હતો.

મહિલા વિભાગ દિવાળી સ્નેહસંમેલનના આયોજનમાં સાથ આપનાર દાતા મધુબેન દેસાઈ (પેઢીવાળા), પ્રશાંતભાઈ, મીતાબેન વોલીંટીયર્સનો તથા કાર્યક્રમમાં હાજર રહેનાર બહેનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

મહિલા વિભાગની સભ્ય બહેનો તથા મુખ્ય મહેમાનના આમંત્રિત મહેમાનોએ સાથે મળી એક સુંદર કાર્યક્રમ માણ્યો એવી ભાવના સાથે સહુ છુટ્ટા પડયા.

## - ડીસેમ્બર મહિનાનો કાર્યક્રમ :-

તારીખ - ૨૪મી ડીસેમ્બર, બુધવારે, સમય : બપોરે ૨.૩૦ વાગે, સ્થળ :- લાલા લજપતરાય કોલેજના ઓડિટોરીયમમાં Annual Day (Fashion Show)નું આયોજન કરવામાં આવ્યું છે. જેના પાસ રૂા.૨૫/- લઈ તારીખ ૧૮મી ડીસેમ્બરે ૩.૦૦ થી ૪.૦૦ માં વહેલા તે પહેલાના ધોરણે સંસ્થાની ઓફિસમાં આપવામાં આવશે. એક સભ્ય બહેનને ચાર સભ્ય કાર્ડ પર ચાર પાસ આપવામાં આવશે. સાથે સભ્ય કાર્ડ લાવવું જરૂરી છે. ૪.૦૦ વાગ્યા પછી કમીટીની બહેનો પાસે જેમના નામ હશે તેમને પાસ આપવામાં આવશે. અમને જણાવતા આનંદ થાય છે કે આ કાર્યક્રમ માટે શ્રીમતી ચેતના ગીરીશ કાપડીયા તરફથી મહિલા વિભાગને રૂા.૧૫,૦૦૦/- આપવામાં આવ્યા છે.

***- મિનોતી શાહ - સંયોજક મહિલા વિભાગ***

# શ્રી કેદારેશ્વર મહાદેવ (મીની મહાબળેશ્વર પર્યટન સ્થળ) બાલાસિનોર

નવા વર્ષના સહુને નુતન વર્ષાભિનંદન જુલાઈ ૨૦૦૮ના અંકમાં મારી નમ્ર અપીલ જ્યોતીપૂંજ દ્વારા આપ સૌ સમક્ષ મુકી હતી અને તેના સુંદર પ્રતિસાદ રૂપે આપ સૌનો સાથ-સહકાર મળતાં નવા વર્ષના આરંભે આપણે સૌ કેદારેશ્વર મહાદેવ ખાતે 'શ્રી નગીનદાસ લાલચંદ પરિખ મુખ્ય પ્રવેશદ્વાર'નું તા. ૨-૧૧-૦૮ના રોજ બાલાસિનોરના માજી ધારા સભ્ય પ્રફુલભાઈ પાઠકની હાજરીમાં અને બાલાસિનોરમાં વસતા શ્રેષ્ઠીઓ તથા મુંબઈથી દિવાળી કરવા પધારેલા આપણા સ્નેહીજનોની હાજરીમાં સુંદર રીતે ધામધૂમપૂર્વક પૂજન વિધી કરી શક્યા છીએ અને તેના પછીનો કાર્યક્રમ પણ તાતીયા (ગોપાલદાસ) સંત્સંગ હોલમાં રાખવામાં આવ્યો. તેમાં પણ સૌ સારી સંખ્યામાં હાજર રહી પ્રસંગને ગૌરવવતો બનાવ્યો હતો અને બીજા દિવસે લાભપાંચમ તા. ૩-૧૧-૦૮ના દિવસે જીર્ણોદ્વાર બાદ સંકુલનું વાસ્તુ પુજન ધામધુમ પૂર્વક કરી ભંડારો યોજયો હતો અને સારી સંખ્યામાં સૌએ લાભ લઈ પ્રસંગને યાદગાર બનાવ્યો હતો. આ પ્રસંગે સંસદ સભ્ય અને રાજ્ય પ્રેટ્રોલીયમ મંત્રી માનનીય શ્રી દિનેશ પટેલે પણ હાજરી આપી શુભેચ્છા પાઠવી આપણા પ્રસંગને ગૌરવ બનાવ્યો. કેદારેશ્વર મહાદેવ ખાતે મોટાભાગનું કામ પતી ગયું છે અને બીજા બાકીના કામ પૈકી અમુક યોજનાના દાતા મળતા તે કામ પણ આપણે ટુંક સમયમાં હાથમાં ધરવાના છીએ. એક અનામીદાતાએ શિવધામ માટે એકલાખ આપ્યા. ત્યાં સુંદર ઉધાન આકાર લઈ રહ્યું છે. બીજા એક ઉધાન જે આખા કોમ્પલેક્ષનું શિરસમું બની રહેવાનું છે તેની જવાબદારી શ્રી ગોકુલદાસ ગાંધીના પરીવારે લઈ લીધી છે અને તેના મેન્ટેનન્સની ભવિષ્યની જવાબદારી પણ તેમને આપી છે.

શ્રી કંચનભાઈ ભીખાભાઈ કડકીયા (ફાળીયા) એ મોટા ભોજનાલયના આધુનીકરણ માટેની અપીલના પ્રતિસાદ રૂપે બે લાખ રૂપિયા આવેલ તે કામ પણ હવે શરૂ કરવાના છીએ.

શ્રી સુરેન્દ્રભાઈ રતીલાલ પરીખ અને તેમના ધર્મપત્ની શ્રીમતી ઉર્વશીબેન મંદિરના દ્વાર માટે બે લાખનું દાન જાહેર કરતાં તે દ્વાર પણ સુંદર આકાર ધારણ કરશે અને તેની સાથે તેમના પિતાશ્રીનું નામ જોડવાનું આપણે નક્કી કર્યું છે.

હવે જે યોજના હાથ ધરવાની છે તેના માટે દાતાઓના સહકાર માટે આપણી સમક્ષ હાથ લંબાવીએ છીએ અને અત્યાર સુધી આપ સૌએ જે રીતે વિશ્વાસ મુકી આ યોજનાને સુંદર પર્યટન સ્થળ તરીકે વિકસાવવામાં આપ સૌનો અમુલ્ય ફાળો મળતાં આ કામ શક્ય બન્યું છે તેવી રીતે આ બાકીના કામને આપના ઉદાર સખાવતી દિલ નો સાથ સહકાર મળતાં તે પણ સારી રીતે પુરૂ કરી શકીશું એવો મને વિશ્વાસ છે.

**બાકી રહેલા કામની વિગત :-**

**કોમ્યુનીટી હોલ :-** ૧ લાખ આપનાર દાતાનું નામ તેમની ઈચ્છા મુજબ જોડવામાં આવશે

**ધ્યાન મંદિર :** આ મંદિર મનની અનેરી શાંતિ આપનાર બનાવવું છે. કેદારેશ્વર મહાદેવ આવનાર દરેક વ્યક્તિને ત્યાં થોડો સમય ધ્યાનમાં પોતાની જાત સાથે બેસવામાં અને મનની શાંતિનો અનુભવ કરાવનાર ઈશ્વરના નિરાકાર સ્વરૂપ ૐ નું ત્યાં પ્રતિષ્ઠા કરી કોલકતા, બેલુરપઠ ખાતે સ્વામી વિવેકાનંદના મંદિરમાં

છે. તેવું આકાર લેશે તેના માટે બે લાખ કે તેથી વધુ આપનાર દાતાનું નામ જોડવામાં આવશે.

આ સિવાય અતિથિ ભવન તથા કેન્ટીન વિગેરેમા બાકીની જરૂરીયાત ફર્નીચર, ફ્રીજ, વાસણો વિગેરે માટે બીજા ૧૧,૦૦૦/-ના ૨૦ દાતાઓનો સહકાર મળેતો તે કામ પુરૂ થઈ જાય અને છેલ્લે આ સુંદર સ્થળના ભવિષ્યનો વિચાર કરી પાંચ હજારનો નિભાવ ફંડ યોજના હાથ ધરી છે. જુલાઈ માસમાં મળેલા દાન પછી આવેલી દાનની યાદી નીચે મુજબ છે.

**બાકડા માટે** : અગાઉ શ્રી રસીકભાઈ લાકડાવાળાના ૨૫,૫૦૦/- ના બદલે ૨૫,૦૦૦/- છપાયા આ તે સુધારી વાંચવું ત્યાર બાદ ૫,૦૦૦/- પણ તેમના તરફથી આવ્યા છે.

| | |
|---|---|
| ૧૭,૦૦૦/- | અપેક્ષા કેલી દેસાઈ |
| ૧૦,૨૦૦/- | બોમ્બે ઈલે.ફેડરેશન |
| ૮,૫૦૦/- | મંજુલાબેન કીર્તનલાલ કડકીઆ |
| ૫,૧૦૦/- | કોકીલાબેન રસીકલાલ દેવ |
| ૫,૦૦૦/- | રસીકભાઈ લાકડાવાળા |
| ૧,૭૦૦/- | હીરાભાઈ વણકર |
| ૧,૭૦૦/- | મણીભાઈ લલ્લુભાઈ પરીખ |
| ૧,૭૦૦/- | ચંદ્રીકાબેન શશીકાન્ત ગાંધી |
| ૧,૭૦૦/- | ચીમનલાલ સાંકરલાલ દેસાઈ |

**શીલીંગ પંખા માટે**

| | |
|---|---|
| ૬,૦૦૦/- | દીપક ઈલ.કોરપોરેશન |
| ૧,૨૦૦/- | તારાબેન મણીલાલ લલ્લુભાઈ |

**જીર્ણોધ્ધાર ફંડ માટે**

| | |
|---|---|
| ૧૧,૦૦૦/- | રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ મેનપુરવાળા |
| ૧૧,૦૦૦/- | વ્રજેશભાઈ નવનીતલાલ દેસાઈ |
| ૧૧,૦૦૦/- | મોહનલાલ પરીખ (લાય) |
| ૧૧,૦૦૦/- | અજીતભાઈ કાન્તીલાલ ચાંદીવાળા |
| ૫,૦૦૧/- | જશુમતીબેન નવનીતલાલ ધારીયા |

***શ્રી કેદારેશ્વર મહાદેવ***

***શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (ટ્રસ્ટીશ્રી)***

***શ્રી ગોપાલદાસ પુનમચંદ પરીખ (ટ્રસ્ટીશ્રી)***

***તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓના જય જય શ્રી ગોકુલેશ***

**તા.કઃ** કેદારેશ્વર મહાદેવ સંકુલ ખાતે બાલ ક્રીડાંગણ બનાવવા ઈચ્છા છે. ફરવા આવનારના દંપતિના બાળકોને રમત-ગમત માટે આનંદ મળી રહે તે માટે આ ક્રીડાંગણ બનાવવાની યોજના છે. જો કોઈ દાતા બે લાખ આપે તો તેમનું નામ આ ક્રીડાંગણ સાથે જોડવામાં આવશે આ ક્રીડાંગણનું આખું જાુદુ કોમ્પલેક્સ મંદિર સામેજ આકાર લેશે.

***ટ્રસ્ટી :- નવીનચંદ્ર ચીમનલાલ શાહ***

# સ્ટેશન ચેન્જ કરો

*- નીરજ મહેન્દ્ર પરીખ*

[illegible]

સ્મૃતિ ઈરાની ક્યોંકી સાસ ભી કભી બહુ થી આઠ વર્ષ.. હજુ અઠવાડિયા ઓ જ થયા ભુલાઈ ગઈ સ્મૃતિ કરતા વિધાતાએ આપણને વધારે વીસ્મૃતિ આપી છે. સાચુ બોલો સ્ટોક એક્સચેન્જ બ્લાસ્ટ, ગોધરાકાંડ, મુંબઈ ટ્રેન બ્લાસ્ટ આ બધા **II & III Class Blast** હતા અને હવે **V Star** બ્લાસ્ટ, અરે ભાઈ આને પ્રગતિ કહેવાય. આપણા વડીલો મુંબઈ દોરીલોટો લઈ આવ્યા આપણે આટલી પ્રગતિ કરી તો આતંકવાદી કેમ નહી? આપણે આપણા ધંધામા, **Profession** માં **Ad** ન કરીએ તો આપણને બધા ભુલી જાય. આતંકવાદી એમના ધંધાની **Ad.** નહી કરે તો કેમ ચાલશે? ઉંદર ફુંક મારે અને કરડે. એટલે દુઃખ અને ડંખ નો અહેસાસ ના થાય. **Good Theory** દર વર્ષે આતંકવાદ દુઃખ, ડંખ અને પછી સમય મલમનું કામ કરે અને પાછુ ફરી એનું એજ.

અરેભાઈ ત્રણ દિવસનું આવુ મીની વેકેશન કરો બહારગામ ગયા તા કે નહીં આ આતંકવાદી પહેલાથી આપણને જણાવે તો કંઈ પ્લાન થાય. અરે ભાઈ હજી ઘણા ફોન અને ગપશપ બાકી છે. વાળમાં ડાઈ કરી **Young** દેખાવું છે. વિચારો ને ભલે ઉમર થઈ જાય. સેલ્સટેકસ, **Income Tex** ના **Bogus** રીટર્ન તૈયાર કરવાના છે. **Thanks To** આતંકવાદ. રજા તો મળી.

અમેરીકાથી કાકાનો ફોન છે. કાકા હવે કાશ્મીર જવાની જરૂર નથી અમે તો મુંબઈ ને જ કાશ્મીર બનાવી દીધું. હવે દીવાળી અને **New Year** ના ફટાકડાની બચત **Live** આતશબાજી **TV** પર જોઈએ છીએ બચત જ બચત...છેને વાણિયા ના દીકરા.

મા કહે મારા વીરા કંઈ વાગ્યું તો નથીને અરે ના ભાઈ ના હજુ તો ૨૦-૨૫ વર્ષનો થઈ આતંકવાદની ગોળી માટે તૈયાર થવાનું છે.

**Star News, Aaj Tak. Ab Kab Tak ?** અરે યાર આપણને ક્યાં કઈ થયું છે? ઘરમાં સબ સલામત... ધંધામાં સબ સલામત.

ના બીબીના બચ્ચા, ના બાપ, બડાના ભૈયા **The Whole Thing** ઈઝ ધેટ કૈ ભૈયા સબસે બડા રૂપૈયા.

સ્ટેશન ચેન્જ કરો.

નાનપણમાં મહાભારતમાં કુંતીમાતા અને ભીમની વાર્તા. એક ગામ રાક્ષસ અને એના ભક્ષણ માટે દરેક ઘરમાંથી એક માણસ. ભાઈ આતંકવાદી અમે દર વર્ષે એક ટ્રેન, એક થિયેટર, એક સ્કુલ-કોલેજ. એક હોસ્પીટલ અને એક નેતા પછી વચ્ચે વચ્ચે **No** મીટીંગ કે અંચઈ અરે અમને ભુલવા અને તમને તૈયાર થવામા પાછો સમય તો જોઈએને.

આપણો આપણા પડોશી દેશ સાથે **Tv** પર આવતી **Bingo** ની **Ad** ની જેમ **Action** લઈએ છીએ હાથ નહી લગાને કા ક્યા? **Pota Cancel.**

અરે સાંભળો છો આ આતંકવાદી તો મલબાર હીલના **VVIP House** માં જવાના હતા અને ભાઈ આતંકવાદી એના માટે આટલું બધું વજન અને મહેનત કેમ બાલાસીનોરવાસી મદદ અને **Sponcer** ઘણી કરે છે અમે ચોક્કસ **Fund** આપ્યું હોત અમારે ક્યા ઘરના આપવાના છે આતો **Income Tax** અને **Sales Tax** नब्बे में से सो बेईमान फीर भी मेरा भारत महान અરે ભઈ ગણિત ના ગણો આમાં મે મને તમને અને આવનાર જનરેશન ને ગણી લીધા છે.

મુંબઈની એક કરોડ અરે એક કરોડ ત્રીસ લાખ શું ફરક પડે છે. કુટુંબ નિયોજનની એડ બંધ કરો જન્મ કરતા મૃત્યુનું પ્રમાણ વધવાનું જ છે. ખાનગીમાં કહુ વસ્તી ઓછી થશે તો ફલેટના ભાવ પણ ઘટશે સાન માં સમજી ગયા ને.

હવે સેલ આવે તો સફેદ કપડા વધારે લઈ રાખજો શું ખબર ક્યારે અને કેટલા જોઈશે વારા પછી વારો તારા પછી મારો.

દીલ જલતા હે તો જલને દે

આંસુ ના બહા ફરિયાદ ન કર

સ્ટેશન ચેન્જ કરો. ના મત કરો અરે મત જ (Vote) મત કરો મુંબઈની એક કરોડની વસતિમાંથી આપણે દસ હજાર બાલાસિનોર જો મત ન આપીએ તો આપણી ગણના ચોક્કસ ગણાશે. આપણે સારા નેતા અને સાફ સુથરી સરકારની રાહ જોઈશું બાકી મત જ મત કરો (Vote)

સ્વીસ બેંક મા ભારતના દેવા કરતા ૧૩ ગણા વધારે રૂપિયા છે. ભાઈ બાલાસિનોરી હવે તો નેતા, ડોકટર અને વકીલ, ઝઘડા અને આતંકવાદ થી હવે આજ લાઈન ચાલશે.

**Stock Exchange** માં આતંકવાદનો **Issue Fully Subscribe** અરે યાર **On** ચાલે છે.

**PE, EPS, Book Value, Bonus** મત પુછ **Industry** જોરમાં છે આપણા નેતાઓએ ઘણા શેર લઈ રાખ્યા છે જો જો તમે રહી ન જતા વાત ખાનગી છે.

**Best Award goes to 10 Terrorist** તેમના **V Star Mission** માટે ત્રણ પોલીસ અફસર, **NSG** કંમાડો અને પોલીસ શહીદો માટે પેટ્રોલ પંપ, એક કરોડ, **Pension** આંસુઓ રોકવા માટે **Official** લાંચ

એ મેરે વતન કે લોગો જરા આંખમે

ભરલો પાની જો શહીદ...

સ્ટેશન ચેન્જ કરો

જન ગણ મન જણ મન ગણ, ગન થી ઘણા ઓછા થઈ જશે. ભારત ભાગ્ય વિધાતા (નેતા) ન જાણ્યું જનકીનાથે સવારે શું થવાનું છે.

લલાટે જે લખ્યું એ મિથ્યા ક્યાં થવાનું છે. આપણા નેતાઓને બીહારીઓ ના અંહી આવવા સાથે **Problem** છે. આતંકવાદ સામે નહી એમને તો વગર કંકોત્રીનું આમંત્રણ છે.

હવેના ત્રણ, ચાર દિવસ આવી રીતે ઘરમાં રહેવાનું આવે તો **Bheja Fry** ની **VCD, DVD** અથવા **TV** રીમોટ આપણા નેતાઓના ભાષણ **Bheja Fry** થી ક્યાં ઓછા છે.

મુંબઈ મેરી જાન, **Wednesday** થોડો વખત આંખમા પાણી, રાધેશ્યામનો સથવારો પછી **Dinner No Hard Drink** હા **Bear** ચાલશે.

હર ફીક્ર કો ધુંએ મે ઉડાતા ચલા ગયા. બરબાદિયો કા શોંક મનાના ..થા

સ્ટેશન ચેન્જ કરો.

વંદે માતરમ મલયજ શીતલામ...

શીતલ શબ્દથી હવે ગરમી લાગે છે. **Fridge** માં **Bear** થંડો કરો. **Forget it** દીલ પે મત લે યાર આ બધાથી હવે ટેવાવું પડશે.

હું પણ એક અદનો જ છું. સ્મૃતિ. વિસ્મૃતિ બધું ભુલાઈ જશે. વધારેમાં વધારે શું **Mediclaim, Lic** અને સફેદ કપડા તૈયાર રાખો.

સ્ટેશન ચેન્જ કરો.

સ્ટેશન નહી. મત (-) મત કરો. ક્યારેક તો હમ હોંગે કામયાબ કોઈક સ્ટેશન પર તો આવશે.

યે તેરા ઘર યે મેરા ઘર

યે ઘર બહોત હસીન હૈ.

## વસ્તી પત્રક અંગે નોંધ

**જેઓએ વસ્તીપત્રકના ફોર્મ હજી સુધી ભરીને ન મોકલ્યા હોય, તેઓને વિનંતી કે વહેલામાં વહેલી તકે સંપુર્ણ વીગતો સાથે ભરીને મોકલી આપે. અન્યથા તેઓના નામ છાપવાના રહી જશે.**

***મંત્રી :- મંજુલ ધારીયા, સંયોજક :- જાસ્મીન શેઠ***

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ

## -: કેન્સર અવેરનેસ અને પ્રિલિમિનરી ટેસ્ટ કેમ્પ :-

'કેન્સર એટલે કેનસલ' આ ઉક્તિ સો એ સોટકા સત્ય નથી. કેન્સરના રોગ માટેની જરૂરી માહિતી તેમજ જાગૃતિ લાવવાના આશયથી મેડીકલ સેન્ટરના નેજા હેઠળ એક અવેરનેસ સેમિનાર અને પ્રાથમિક તબીબી ટેસ્ટના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પને ત્રણ તબક્કામાં વહેંચવામાં આવ્યો છે.

**પ્રથમ તબક્કો**

સૌ પ્રથમ કેન્સર રોગની માહિતી ટાટા મેમોરિયલ હોસ્પીટલના સહયોગથી તેમના ડૉકટરો દ્વારા રવિવાર તા. ૨૮-૧૨-૨૦૦૮ના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૩૦ સુધી સ્લાઈડ તથા વીડીયો શો ઈન્ડીયન મર્ચટ એસોસીએશન ચર્ચગેટ ખાતે બતાવી આપવામાં આવશે. જરૂરી જણાતા ઓ રોગને લગતા પેમ્ફલેટ પણ આપવામાં આવશે. કેન્સર રોગના પ્રકાર, તેના વિવિધ તબક્કા અને તેના દરેક તબક્કા વારની સારવારની માહિતી આપવામાં આવશે. પુરૂષોને મોઢાનું તેમજ પ્રોસ્ટેટ કેન્સર તેમજ બ્લડ સ્મોલ ઓરગન કેન્સરની શક્યતા હોય છે. સ્ત્રીઓને બ્રેસ્ટ, ગર્ભાશય અને કિડનીના કેન્સરની શક્યતા હોય છે. આ સેમિનાર બાલાસિનોર જ્ઞાતિની દરેક વ્યક્તિ માટે આવકાર્ય અને ઉપલબ્ધ છે. સેમિનારને અંતે ઈચ્છીત વ્યક્તિએ રૂ. ૧૦૦/- આપીને રજીસ્ટ્રેશન કરાવી શકશે. આ 'સો' રૂપિયા તબીબી ટેસ્ટ પછી રસીદ પાછી લઈને પાછા આપવામાં આવશે.

ત્યાર બાદ રજીસ્ટ્રેશન શ્રીમતી **સુરેખાબેન** શરદભાઈ કડકીઆ, શ્રીમતી **મિનોતીબેન** પંકજ શાહ અને મેડીકલ ટ્રસ્ટના એડમીનીસ્ટ્રેટર **શ્રીમતી કિન્નરીબેન** અક્ષય સેવક તેમજ બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફીસેથી ફોર્મ મેળવી તેમજ યોગ્ય રીતે ભરીને રૂા.૧૦૦/- સાથે **ઉપર જણાવેલ વ્યક્તિને રૂબરૂ** આપી દેવું અને તેની પહોંચ મેળવી લેવી. સેમીનાર પછી ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી છે.

**બીજો તબક્કો**

ડૉકટર નિલેશ શાહ શ્રી એન.એમ.મેડીકલ સેન્ટરના સહકાર અને સહયોગથી દરેક મહિલાઓની મેમોગ્રાફી રવિવાર ૧૧-૧-૨૦૦૯ના રોજ સવારે ૯ વાગ્યાથી મહેતા હાઉસ ચૌપાટી ખાતે કરવામાં આવશે. ટેસ્ટના રિપોર્ટ અત્યંત ખાનગી રાખવાના આશયથી શ્રી એન.એમ.મેડીકલ સેન્ટર દ્વારા કુરીયર મારફતે મેમોગ્રાફીનો રિપોર્ટ પહોંચાડવામાં આવશે.

**ત્રીજો તબક્કો**

વિવિધ પ્રકારના કેન્સરના બેઝીક ટેસ્ટ મહિલાઓ અને પુરૂષોના ટાટા મેમોરિયલ હોસ્પીટલ ખાતે તા. ૨૪-૧-૨૦૦૯ના રોજથી ૨૦ થી ૨૫ વ્યક્તિના એક દિવસમાં કરવામાં આવશે. ટેસ્ટ કરાવનાર વ્યક્તિએ શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડિકલ ટ્રસ્ટની ઓફિસ મહેતા હાઉસ ખાતે જે દિવસે તેમનો ટેસ્ટ હશે એ દિવસે અને એ સમયે હાજર રહેવા વિનંતી તેમને ટાટા મોમોરિયલ હોસ્પીટલ લઈ જવાની અને પાછા લાવવાની વ્યવસ્થા કરવામાં આવશે. ટાટા મોમોરીયલ હોસ્પીટલ ખાતેના ટેસ્ટ માટેનું આયોજન વ્યવસ્થા મંડળ, મેડીકલ ટ્રસ્ટના માનદ્ મંત્રી શ્રીમતી સોહીનીબેન યોગેશ કડકીઆને સોપવામાં આવી છે. વધુ વિગત જાન્યુઆરી ૨૦૦૯ના જ્યોતિપૂંજના અંકમાં આપવામાં આવશે.

પ્રાથમિક રિપોર્ટના નિદાનમાં જો કેન્સર ડીટેકટ થાય તો બીજા ટેસ્ટ વ્યાજબી દરે ટાટા મોમોરીયલ હોસ્પીટલ ખાતે કરવામાં આવશે. તે માટે ડૉ. અક્ષય સેવક, શ્રીમતી કિન્નરી સેવક, શ્રી નિરંજનભાઈ પરીખ અને શ્રીમતી સંગીતા કડકીઆનો સંપર્ક સાધી ટેસ્ટ કરાવી શકાશે. જે અત્યંત ખાનગી રાખીને બીજા ટેસ્ટ કરાવવામાં આવશે.

ટાટા મેમોરિયલ હોસ્પીટલ સાથે આખુ પેકેજ નક્કિ કરવા માટે તેમજ તેમના ડૉકટરો દ્વારા જાણકારી પુરી પાડવાના. સેમીનારનું આયોજન શ્રી નિરંજનભાઈ પરીખ (બખલી)ના સાથસહકારથી શક્ય બન્યું છે. ટાટા મોમોરિયલ હોસ્પીટલમાં નિર્ધારિત સમયે ટેસ્ટ કરવા માટે શ્રી નિરંજનભાઈ પરીખ તથા તેમની પુત્રી શ્રીમતી સંગીતાબેન પરાગભાઈ કડકીઆ (લટકારી)ની સેવા ઉપલબ્ધ હશે. ટેસ્ટના રીપોર્ટ ખાનગી રાખવાના હેતુંથી તે Insight Medical Center (C/o ડૉ. અક્ષય સેવક) ખાતેથી કલેકટ કરવાની સગવડ રાખવામાં આવી છે.

આ સંપૂર્ણ કેમ્પ તથા સેમીનારનો ખર્ચ માટે શ્રી બાલાસિનોર દશાનિમા નવયુવક મંડળ અને મેડીકલ ટ્રસ્ટ દાતા શ્રીમતી મીતાબહેન તથા ડૉ. નિકુંજભાઈ કાન્તીલાલ પરીખ (M.D.) આભાર માને છે.

અ.સૌ.મીતાબેન અને નિકુંજભાઈ અમેરિકા સ્થાઈ થયા હોવા છતાં માતૃભૂમી પ્રત્યેનો પ્રેમ અને તેમની ફરજોમાંથી ચુક્યા નથી.- અમેરિકામાં જે રીતે મોમોગ્રાફી માટેના ટેસ્ટ સમ્યાનતરે અને ઉંમરને ધ્યાનમાં રાખીને કરવામાં આવતા હોય છે. તે પ્રકારને જ્ઞાતિની મહિલાઓના ટેસ્ટ કરવાની હિમાતય રાખે છે. મેમોગ્રાફીના ટેસ્ટ તેમની ઉપસ્થિતીમાં એક સમારંભબાદ ૧૧ જાન્યુઆરીએ રાખવાનું આયોજન કરવામાં આવ્યું છે. અને અવેરનેસ સેમિનારનું શ્રીમતી મીતાબહેન નિકુંજભાઈની હાજરીમાં રવિવાર ૨૮-૧૨-૨૦૦૮ને રાખવામાં આવ્યું છે. શ્રીમતી મીતાબહેન અને નિકુંજભાઈએ પ્રમુખ શ્રી યોગેશભાઈ ધારીયાને દરેક વર્ષે મુંબઈ આવી ઓછામાં ઓછો એક મેડીકલ કેમ્પ કરવાની તત્પરતા દર્શાવી છે. માતૃભૂમિ તેમજ વાડસોલવાસીઓ પ્રત્યેનો પ્રેમ અને આદરને કોઈ સીમાના બંધન હોતા નથી. એનું ઉમદા ઉદાહરણ શ્રીમતી મીતાબહેન અને શ્રી નિકુંજભાઈ છે. વધુ જાણકારી માટે શ્રીમતી મીતાબેનનો મુંબઈ ખાતે સંપર્ક તેમના માતૃશ્રી શ્રીમતી સરલાબેન નવનીતભાઈ દેસાઈ (દેડકી)ના ઘરે કરી શકાશે. (ફોન નંબર ૨૩૮૦૪૯૧૯ છે.) આ અવેરનેસ સેમીનાર તેમજ કેમ્પમાં સૌ બાલાસિનોર વાસીઓને મોટી સંખ્યામાં હાજર રહીને અને રજીસ્ટ્રેશન કરાવી આ ઉમદા તકનો લાભ લેવા વિનંતી કરીએ છીએ.

*પ્રમુખ - યોગેશ ધારીઆ*

*માનદ મંત્રીઓ - શ્રી દક્ષેશ કડકીઆ, શ્રીમતી સોહીણી કડકીઆ*

*કન્વીનર - પ્રવિણભાઈ કે. શાહ,*

*સુપરિટેન્ડન્ટ - ડૉ. અક્ષય સેવક, એડમીનીસ્ટ્રેટ - ડૉ. કિન્નરી સેવક*

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી રજનીકાન્ત કાંતિલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત ૫૭ મો વાર્ષિક રસોત્સવ


**શ્રી નવીનચંદ્ર ચીમનલાલ મોદી**

નવા વર્ષના નવલા નજરાણાનો ૫૭મો વાર્ષિક રસોત્સવ રવિવાર તા. ૧૬-૧૧-૨૦૦૮ના રોજ સવારે ૯.૩૦ કલાકે બિરલા માતુશ્રી સભાગૃહ ખાતે યોજાયો હતો.

શ્રી બંકીમ પરીખે કાર્યક્રમની શરૂઆત કરી હતી. લોકોને આવકાર સાથે શુભેચ્છાઓ આપી હતી. મંત્રીશ્રી મંજુલ ધારીઆ એ સંઘ વતી નુતન વર્ષની આગામી પ્રવૃતિઓની જાણકારી આપી હતી.

૫૭મા રસોત્સવ પ્રસંગે મુખ્ય મહેમાન શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કલકત્તાવાલા) ઉપસ્થિત હતા તેમનો પરીચય શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (લટકારી) એ આપ્યો હતો. મંત્રી શ્રી મંજુલ ધારીઆએ શાલ ઓઢાડી અને પ્રમુખશ્રી પ્રદીપ કડકીઆ એ મોમેન્ટો આપી સન્માન કર્યું હતું. સંસ્થાના ઉપપ્રમુખ શ્રી શીરીષ પરીખ એ તેમના ભાઈશ્રી નીરંજનશાહ નું બુકે દ્વારા સન્માન કર્યું હતું, સહમંત્રી શ્રી ભાવેશ મોદી એ શ્રી નટવરભાઈ પરીખ (વોરા)નું સન્માન કર્યું હતું. સહમંત્રી શ્રી નીલેશ શાહ એ શ્રીમતી સુરેખાબેન ગાંધીનું સન્માન કર્યું હતું.

શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહે (કલકત્તાવાલા) સંઘની પ્રવૃત્તિઓનો આભાર માન્યો હતો અને તેને વધુ ઉંચાઈ પર લઈ જાય એવી શુભેચ્છાઓ આપી હતી.

સંઘના પ્રમુખ શ્રી પ્રદીપ કડકીઆ એ સૌને નવા વર્ષની શુભેચ્છાઓ આપી હતી. પ્રમુખ તરીકે પ્રથમ વર્ષ હોવાથી આશા વ્યક્ત કરી હતી કે સૌનો સાથ સહકાર મળે ને સંઘની પ્રવૃત્તીઓ વેગવાન બને. આ પ્રસંગે મુખ્ય મહેમાન શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કલકત્તાવાલા) દ્વારા અપાયેલા રૂા. ૭૧,૦૦૦/- માતબર દાનની તેમજ તેમના દ્વારા અપાયેલા ડ્રાયફૂટના પેકેટની જાહેરાત કરી હતી. જેને સૌ કોઈએ તાળીઓના ગણગડાટથી વધાવી હતી.

અંતમાં સંઘના સહમંત્રી શ્રી ભાવેશ મોદી એ આભાર વિધિ કરી હતી. ત્યારબાદ ગુજરાતી નાટક ગોળ ધાણાની ગોલમાલ માણીને છુટ્ટા પડયા હતા.

***સંયોજક - સોમિલ મોદી, મંત્રી - મંજુલ ધારીઆ***

## સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ (આયોજીત)
### શ્રીમતી સુભદ્રાબહેન નવીનભાઈ શાહ - સ્મૃતિ ભક્તિ સંધ્યા

**તારીખ :** **મંગળવાર, તા.૬-૧-૨૦૦૯, સમય :** સાંજે ૫.૧૫ થી ૭.૩૦
**ભક્તિ સંગીત :** શ્રીમતી હિના મહેતા, **વકતા :** ડૉ. ગૌતમ પટેલ, **વિષય :** 'મહાભારતમાંથી શ્રી કૃષ્ણ'
**સ્થળ :** પ્રેમપુરી આધ્યાત્મ વિદ્યાભવન, સ્વામીશ્રી પ્રેમપુરીજી ચૌક, બાબુલનાથ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૭
*નિમંત્રક* : **શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (મેનપુરાવાલા) પરિવાર સર્વેને આમંત્રણ આપે છે.**

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

તા. ૨૯-૯-૨૦૦૮ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભામાં રાબેતા મુજબનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી પ્રવીણ દેસાઈની અનુપસ્થિતિમાં શ્રી મોહનલાલ ચુનીલાલ પરીખે (લાય) પ્રમુખસ્થાન સંભાળ્યું.

સ્વ. નવનીતલલાલ સાકરલાલ ધારીઆના કુટુંબીજનો તરફથી પી.વી.વિદ્યાલયના એક ઓરડા માટે અઢી લાખનું દાન આપવા શ્રી નીલેશ ધારીઆનું વચન મળ્યું છે. જેમાં ૧.૫ લાખની રકમ પ્રાપ્ત થઈ ગઈ છે.

શ્રી નટવરલાલ મણીલાલ પરીખ (ડાબલી) તરફથી રૂપિયા એક લાખના દાનનું વચન મંડળને મળ્યું છે.

કાર્યવાહક સમિતિમાં નીચે મુજબ પાંચ સભ્યો તથા પ્રમુખની ચૂંટણીને સામાન્ય સભાએ બહાલ રાખી હતી.

પ્રમુખ : પ્રવીણ સાકરલાલ દેસાઈ

સભ્યઃ રસિકલાલ મણીલાલ પરીખ (લાકડાવાળા), ચંદ્રેશ પ્રવીણચંદ્ર કડકીઆ, સતીશ ભીખાલાલ પરીખ (રોકડીયા), ચંદ્રકાંન્ત ચીમનલાલ દેસાઈ, મણીકાન્ત છોટાલાલ કડકીયા.

પી.વી.વિદ્યાલયના બોર્ડીંગના રૂમોનું નવીનીકરણ થઈ ગયું છે.

***મંત્રી - જતીન દેસાઈ, ચંદ્રકાન્ત દેસાઈ***


## બોરીવલી થી વિરાર સુધી વસતા બાલાસિનોરવાસીઓનું સમુહ ભોજન

બોરીવલી થી વિરાર સુધી વસતા બાલાસિનોર વાસીઓનો જમણવાર તા. ૧૧-૧-૦૯ ને રવિવારે સવારે ૧૨.૦૦ કલાકે રાખ્યો છે. સ્થળ :- ગુરૂદ્વારા, સાંઈબાબા નગર, બોરીવલી (વેસ્ટ) મુબઈ - ૪૦૦૦૯૨. દરેક બાલાસિનોરવાસીઓને પધારવા માટે આમંત્રણ છે અને નજીકના કાર્યકર્તાઓને તેમનો ફંડ ફાળો મોકલી આપવા વિનંતી


***- હેમેન્દ્ર શાહ***

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ઘરીવાળા) પુરસ્કૃત



# કોમ્પ્યુટર શિક્ષણ યોજના



આ યોજનામાં સ્કુલમાં અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણિઓ, સીનીયર સીટીઝન લાભ લઈ શકશે. આ યોજનામાં નીચે મુજબના કોર્સ શીખવાડવામાં આવશે.

| Name of the courses | Duration | Rs. |
|---|---|---|
| Basic course | 2 Months | 1200 |
| Tally 9 | 2 months | 2500 |
| DTP (Graphics course) | 3 months | 2750 |
| Kids Course (5 to 9 yrs) | 32 hours | 1000 |
| Kids Course above 9 yrs | 40 hours | 1500 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપુર્વક કોર્સ પુરો કરી, સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેકથી પાછી આપવામાં આવશે.

**ADDRESS OF TRAINING CENTER**
**SOFTWARE ACADEMY**
**15/A Parekhwadi V.P.Road, Mumbai - 400004 - Tel :- 23814915**

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહારચાલ) પાસેથી મળશે

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપૂર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે પહોચતા કરવાના રહેશે.

**SAMIR JAYENDRA GANDHI** : Tel :- 22060294/ 22038077 / 9821234306.

**NIKOSHI TRADING CO,** : Room No 12/5 1st Floor, Carmellos Building, 63/67 Pathak Wadi, Lohar Chawl, Mumbai-2

*સંયોજક - સમીર જયેન્દ્ર ગાધી , મંત્રી - મંજુલ શૈલેષ ધારીઆ*

# સમર્પણ

દરેક મનુષ્યે સુંદર જીવન જીવવું જોઈએ. દરેક મનુષ્યએ સ્વતંત્રતાને માન આપવું જોઈએ. આપણે સહુએ સુખી થવા જન્મ લીધો છે. માટે તમે તમારી જાતને જીંદગીની સામે ખુલ્લી રાખેલ છે. તમારી જીંદગીને એક ખુલ્લી કિતાબ બનાવો. તમારી જીવનની માણસાઈ તેમાં ઉતારીને તમારી પાસે હોવું છતાં તેનાથી સ્વતંત્ર રહેવું ભય વગર જીવવું, અંધકારમાંથી બહાર આવવું, તમારી આપવાની શક્તિ મુજબ આપવું અને તમારી સફળતા આધ્યાત્મિકતા માટે વાપરો. આધ્યાત્મિક જીવન નકારાત્મક નથી તે નકારાત્મકતાને સફળતાને લગ્નને, કુટુંબને, ધનને, સત્તાને અને પ્રતિષ્ઠાને તેને તેના સાચા અર્થમાં તેની સાચી જગાએ મૂકે છે. જ્યાં સુધી આપણે અંદરની દીવાલો તોડીશું નહિ ત્યાં સુધી આપણા આત્મામાં અંતરમાં અજવાળું થશે નહીં.

આપણે સહુ પ્રથમ આપણી જીંદગી બનાવવાની છે. અને ત્યાર પછી તેનું અવલોકન કરવાનું છે અને પોતાની જાત પ્રત્યે પ્રેમ પામવાનો છે. આ દુનિયા જેવી છે તેવો તેનો સ્વીકાર કરવાનો છે જીંદગીની દરેક પળ અતિકિમતી છે કારણકે છેવટે તો આપણે મૃત્યુ તરફ ધકેલાઈ જઈએ છીએ. આપણે જે રીતે દરેક કીમતી પળોનો ઉપયોગ કરીશું તેના પર આધ્યાત્મિક પ્રકાશ પાડવા માટેનો આધાર છે.

મનુષ્યે આશાઓ ઉપર જીવવાનું છોડી દેવું જોઈએ અને જીંદગી જેમ આવતી જાય તેમ જીવન જીવવાનું અને કોઈ પણ અભિપ્રાય બાંધવાનો નહિ અને પૂર્વગ્રહને તોડી નાખવાનો અને એક પળથી બીજી પળમાં જીવવાનું.

આત્માથી અંદર મજબુત આંતરિક જીવન બનાવો. આનું ધ્યેય સમતોલ જીવન બનાવવું હૃદયનું પ્રેમ ચક્ર ખોલો. મનને શાંત પાડો. અંતરનાં આત્માને સાંભળો અને ધ્યાનરૂપી પૂલ બનાવી જીંદગીનાં દરેક કેન્દ્રો જોડે જોડી દો. આધ્યાત્મિકતાની ક્રિયા તમને અંદર ઉંડાણપૂર્વક શીખવાડે છે કે તમે ઉપકારવશ છો. તમારામાં માણસાઈ છે અને ખોટું હોય તો તે સ્વીકારવાની હિંમત પણ છે. આ આધ્યાત્મિકતાની શીખામણો અતિ ઉપયોગી છે.

મનુષ્યે બીન શરતી આપવું તે આધ્યાત્મિક વૃત્તિ છે આપનાર પહેલેથી કોઈ આશા રાખતો નથી. તે આપે છે કારણ કે આપવાથી મળતો આનંદ અનોખો છે અન્યને આપવું તે આનંદ છે, તેમાં જવાબદારી છે. તેમાં આત્મા છે અને તેમાં નવું કંઈપણ કરવાની ભાવના છે. તેમાં સરળતા, માફી, પ્રેમ, આનંદ અને બીન શરતી સ્વીકાર પણ છે. જયારે આપણે કોઈને પ્રેમ કરતા હોઈએ છીએ ત્યારે તેની કોઈપણ ભૂલ ને માફ કરીએ છીએ. હૃદય નકારાત્મક વૃત્તિને જોતું નથી તેતો ફક્ત પ્રેમ કરે છે. કોઈપણ પ્રકારની અપેક્ષા વગરનો પ્રેમ.

આધ્યાત્મિક વીચારધારા તમને દુનિયાની ઘણીજ બુદ્ધિ વગરની ચીજોથી દૂર રાખશે, તે રોજીંદુ જીવન સામાન્ય બનાવશે આપણે આપણું કામ કરીએ છીએ અને આપણાં કુટુંબને ચાહીએ છીએ. આપણે બીજાનાં પર અભિપ્રાય બાંધતા નથી. આપણે નાની-મોટી ચીજો માટે આભારી હોઈએ છીએ. આપણને જે સર્જનાત્મક શક્તિ જે ઉંડાણમાંથી મળે છે તે આ પળમાં થી મળે છે.

પ્રેમ એક એવી તાકાત છે જે આપણને આધ્યાત્મિક રીતે મજબૂત બનાવે છે. જેથી આપણે બીજાને પણ ચાહી શકીએ. પરંતુ પ્રથમ આપણે આપણી જાતને ચાહતા શીખવું રહયું, ત્યાર પછી જ આપણે કુટુંબ અને દોસ્તો બધાને પ્રેમ આપી શકીશું આથી જ ભૂત-ભવિષ્યની ચીંતા છોડીને વર્તમાનમાં આ પળમાં જીવતા શીખીશું તો જ ભવિષ્ય પોતાનું કામ કરશે.

રોજીંદી જીંદગી જીવવા માટે આધ્યાત્મીક શક્તિ

મેળવવી જોઈએ ઈચ્છાઓથી દુઃખ આવે છે અને અનિચ્છાઓથી પણ દુઃખ આવે છે. અકસ્માત, ભૂલો, રોગો અને અંતરાયો માટે વિરોધ ના નોંધાવાય. આપણે જીંદગીની રોજીંદી અકળામણોથી ભાગી જઈ શકીએ નહી. આપણે તેનો ઉપયોગ આદ્યાત્મિક શક્તિ મેળવવામાં કરવો જોઈએ. રોજીંદી અકળામણો આપણી શક્તિની પરિક્ષા કરે છે. તે શાંતિથી સમભાવપૂર્વક નીભાવવાની છે. આ દુનિયામાં રહેવું છતાંય આ દુનિયાથી અલગ રહેવાનું આ આધ્યાત્મિક શક્તિની પરિક્ષા છે. આ રોજીંદી અકળામણોને આપણી પ્રગતિની સીડી બનાવો અને આપણા આત્માંથી પ્રેમનું ઝરણું કાયમ સદાય માટે વહેતું રહે તેવું ખુલ્લું વિશાળ હૃદય પામો.

આપણે જે અનુભવ્યુ તેથી તેનાંથી દૂર કેમ થઈ શકીએ સત્તા આપણને આપણે માણસ છે તે ભૂલાવી દે છે. સાચી સત્તા હૃદયમાંથી આવે છે. તે પ્રેમ રૂપે, સરળતારૂપે માફ કરવાથી આવે છે. પ્રેમ અને સરળતા આવવી ખૂબજ અઘરી છે અને આવે તો ટકાવવી પણ ખૂબ જ અઘરી છે.

કોઈપણ શરત વગર આપવું અને લેવું ખૂબજ આંતરીક શક્તિ માંગે છે. પ્રેમ અને સરળતા આપણી માનવતાનાં ઉચ્ચ સ્થાને બીરાજમાન છે.

જ્યારે આપણે જીંદગી જીવવાનાં દબાણથી દૂર રહેવા માંગીએ છીએ ત્યારે આપણે ધાર્મિક રીતરીવાજોનો આશરો લઈએ છીએ અને તેને આધ્યાત્મિક સમજીને આવી રીતે ધાર્મિક આશરો લેવાથી જીંદગીની સાચી સરસાઈથી દૂર રહીએ છીએ અને દરેક પ્રસંગોતમારી શક્તિને હીન કરશે. આપણે અન્યની જીંદગીને માન આપવું જોઈએ અને તેઓને આપણે જે કરતા હોઈએ તે કરવા ફરજ પાડવી જોઈએ નહી. તેઓએ પોતે નક્કિ કરેલ માર્ગે તેઓને જવાદો અને તેમના પ્રશ્નો તેઓને હલ કરવા દો.

તેઓને પ્રેમ જોઈએ છે. આપણો જન્મ આ પૃથ્વી પર સુખી થવા અને આનંદમાં જીવવા માટે થયેલો છે. પરંતુ લોકો પોતાની જાતને દુઃખ આપ્યા જ કરે છે, નાના મોટાં કારણોને લીધે, પરંતુ સમજો કે જીંદગી ખૂબ જ કિમતી છે.

બીન શરતી પ્રેમ આપણે જે ભેટ આપીએ છીએ તેમાંથી મળે છે. પ્રેમ કરવાની રીત અને ધ્યાનની રીત એક છે. જેમાં જે શક્તિ આપણે આપીએ છીએ અને લઈએ છીએ તે આપણા તનાવને આધ્યાત્મિક રૂપમાં ફેરવી નાખે છે. આપણા આત્માને સંપૂર્ણ માનવતાનો અનુભવ કરાવે છે.

અંતમાં આ બધું લખવાનું ખાસ પ્રયોજન આપણી પોતાની રહેણી કરણી, રીતભાત, રીતીરીવાજો વગેરેથી પણ આપણું પોતાનું આપણી જીવનની શૈલીને સમર્પીત કરવાનું છે.

*- રાજેષ કડકીઆ*

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# JANSATHI CRICKET TOURNAMENT 2008-2009

## FIRST MATCH -

**19/10/2008 Nihar Kadakia v/s Jigar Parikh.**

Played at Cross Maidan : Sunder pitch.

Jigar Parikh's team -175 runs in 38 overs.(Chirag Desai 43, Jigar Parikh 34, Kunal Parikh 29, Nihar Kadakia 3 for 34, Chirag Desai 2 for 33)

Nihar kadakia's team -176 runs in 35 overs. (Anand Shroff 27, Dharva parikh 45*, Kunal Parikh 2 for 33, Mitul Parikh 4 for 24)

Man of the Match : Dharav Parikh a fantastic knock of 45 runs not out who led his team to victory.

Nihar Kadakia's team won by 1 wkt.

## SECOND MATCH

**9/11/2008 Ripal Parikh v/s chirag Desai.**

Played at Cross Maidan : Karnataka pitch.

Chirag Desai's team -215 runs in 40 overs. (Shiten Kadakia 86, PankajBhai Kadakia 27*, Youmesh Shah 3 for 36, Dipen Mody 3 for 24, Chetan Kadakia 3 for 28)

Ripal Parikh's team - 153 runs all out in 32.3 overs. (Ripal Parikh 43, Rupin Kadakia 2 for 24, PankajBhai Kadakia 3 for 33)

Man of the Match : PankajBhai kadakia's all round effort of 27 runs not out & 3 early wickets which led his team to victory.

Chirag Desai's team won by 62 runs.

## THIRD MATCH

**16/11/2008 Jigar Parikh v/s Nirav Desai.**

Played at Cross maidan : M.B.Union pitch.

Jigar parikh's team - 91 runs all out in 21.5 overs. Suketu Parikh 24, Samir.R.Desai 27, Shamik Shah 4 for 11, Nirav Desai 5 for 20)

Nirav Desai's team - 95 runs in 14 overs. (Ruchit Doshi 35, Devang Parikh 26, Nirmay Shah 3 for 12)

**Man of the Match** : Shamik Shah 4 for 11. A fantastic spell gave no chance to the opponents to recover at any stage of the match.

Nirav Desai's team won by 5 wickets.

## FOURTH MATCH

**23/11/2008 Kinjal Parikh v/s Ripal Parikh.**

Played at Cross Maidan : National Pitch.

Kinjal Parikh's team-319 runs in 40 overs. (Sandeep Dharia 113*, Anish Doshi 68*, Rohan Dharia 27, Chetan Kadakia 2 for 45)

Ripal Parikh's team-33 runs all out in 6 overs. (Nitin Bhai Parikh 5 for 11)

**Man of the Match** : Sandeep Dharia a Master Mlaster knock of 113* of 50 balls.

Kinaji Parikh's team won by 286 runs.

## CRICKET SAMITI

### WISHING EVERYYONE A HAPPY DIWALI & PROSPEROUS NEW YEAR

## GOOD NEWS

This year we have the privilege to welcome the two team's viz. SARVODAYA TEAM & BABI TEAM from Balasinor visiting Mumbai for BAN LALKHA TROPHY CRICKET TOURNAMENT. It will be an opportunity for all of us to watch live during matches to be played against B.N.S. team's V/steams from Balasinor.

As per the schedules, total four matches will be played, details as follows:

- JANUARY 20TH AND 21 ST '2009 : BABI TEAM v/s B.N.S TEAM
- JANUARY 22ND AND 23RD ' 2009 : SARVODAYA TEAM v/s B.N.S TEAM

Venue : Hindu Gymkhana Ground.

All are cordially invited to watch these live actions and make these events a grand success by proving majority.

***Kinjal Parikh - Convener***
***Manjul Dharia - Hon. Secretary***

# 'ઘડપણ એટલું શાપિત પણ નથી'

કુદરતી સૌંદર્યથી ભરપૂર હરિયાળા ફૂલ પાનથી ઊભરાતું, દર ૨૫ ફૂટના અંતરે કચરાપેટી જેમાં કચરો નાખવા માટે પ્લાસ્ટિકની થેલીઓ પણ ઉપર લટકાવેલી અને ટેલિફોન બંધ બૂથ જેમાં અંદર લાઈટ અને લખવા માટેનું સ્ટેન્ડ પણ ખરું...આવા સ્વિટ્રરલેન્ડની રાજધાની બર્ન શહેરમાં હું ફરતો હતો. તેના વિશાળ સ્વચ્છ રસ્તાઓ અને નિરંતર શાંત અને શીતળ વાતાવરણ તન-મનને આનંદિત કરતા હતા.

એક વિશાળ ડિપાર્ટમેન્ટ સ્ટોર્સમાં હું અને મારા પત્ની ગયા. ખૂબ જ શિસ્તથી બધા જોતાં અને ખરીદતાં હતાં. અમો મોતીના દાગીનાના કાઉન્ટર પર ગયા. ત્યાં મારી નજર એક વયોવૃદ્ધ મહિલા ઉપર પડી. જાડા કાચના ચશ્માં, હાથ અને ગળાની લચી પડતી ચામડીઓ ઉંમરની ચાડી ખાતી હતી, છતાં એ વૃદ્ધા ખૂબજ ચીલઝડપે મોતી પરોવતાં હતાં અને આંખના પલકારામાં મોતીની માળા જુદી જુદી ડિઝાઈનોની બનાવતાં હતાં. આ જોઈ હું આશ્ચર્યમાં ગરકાવ થઈ વિચારતો હતો. ત્યાં તેમણે મને કહયું 'ગુડ આફટર નૂન જેન્ટલમેન...' કહી અમો બન્નેએ સ્મિત કર્યું.

અમે કયાંના છીએ તેની પૂછપરછ કરી. સાંભળી મને બેસાડયો.

'મા, મારા પ્રણામ. પણ તમારી ઉંમર અને કામની ચીલઝડપ જોઈ મને અત્યંત આનંદ થયો. ખરેખર મારા લાગણીભર્યા અભિનંદન.'

'અરે મારી ઉંમર તો ફક્ત સ્વીટ સીકસટીન છે.'

કુતુહલથી મેં પૂછ્યું આટલા જુવાન રહેવા પાછળનું રહસ્ય શું છે?

'હું મારા જીવનમાં વર્ષો નથી નાખતી પણ વર્ષોમાં આનંદ-ઉમળકા અને હર્ષથી જીવન ઉમેરું છું. ભરતી હોય કે ઓટ, નફો હોય કે ખોટ, ખુશી હોય કે ચોટ, પણ હું સતત આનંદમાં રહું છું અને પ્રત્યેક દિવસનો ભરપૂર આનંદ માણું છું. સાથે સાથે સમયના પગથારે અવિરત ગતિ કરું છું.

હું અને મારા પતિ રોજ કામથી છૂટી સાથે બગીચામાં બેસી ગમ્મતની છોળ ઉડાડીને ઘરે જઈએ છીએ. ઘરનું કામકાજ પતાવી ઘરમાં મારા પુત્ર અને પુત્રવધુ સાથે અલકમલકની વાતો કરું. સમય પ્રમાણે તેઓની સાથે ચેસ અને પૌત્રો સાથે આનંદ અને ગેલગમ્મત કરું અથવા તેઓની સાથે તેઓ કહે તેવી અવનવી રમતો રમું ઉંમર થઈ એટલે ઊંઘ ઓછી થઈ ગઈ છે. એટલે ટી.વી. જોઉં. મેગેઝિન છાપાં વાંચું, ઈન્ટરનેટ સર્ફિંગ કરું. એટલે અભ્યાસ પણ થાય. સંગીત સાંભળું અને નવા વાજિંત્રો વગાડતાં શીખું છું. આ બધી વસ્તુઓએ મને નિરાશા-હતાશા અને દુઃખોથી દૂર કરી છે અને મને સમજાયું કે સુખ વહેંચવાથી સુખ વધતું નથી ને દુઃખ વહેંચવાથી દુઃખ ઘટતું નથી. સુખ આપણા જ આંગણામાં ઊગે છે. બીજાના બગીચામાંથી લાવવાની જરૂર નથી. આમ મારી પ્રત્યેક પળ સુખના સ્પંદનોથી છલોછલ બની.'


આ શબ્દો સાંભળી વિચાર આવ્યો આ વૃદ્ધાએ તેની જીવનસંધ્યા સપ્તરંગી અને આનંદિત બનાવી છે. એક શાયરે સાચું કહયું છે.

***'જિંદગી ન કેવલ જીને કા બહાના હૈ***
***જિંદગી ન કેવલ સાંસો કા ખજાના હૈ,***
***જિંદગી તો સિંદુર હૈ પૂરવ દિશાકા***
***જિંદગી કા કામ નયા સૂરજ ઉગાના હૈ'***

આ વયોવૃદ્ધ માતા સાથેનો સંબંધ જૂજ હતો પરંતુ સુખડની સુગંધ જેવો હતો. આ સંબંધોની યાદ આવતા અંગેઅંગમાં મહેકની ફૂલવાડી મહોરી ઊઠે છે.

***-સુરેન્દ્ર ચોધરી***

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘનો દાંડિયારાસ પ્રોગ્રામ


ગુણવંતલાલ શાહ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઉપનગર વિભાગ વર્ષ ૨૦૦૮નો પ્રથમ પ્રોગ્રામ દાંડિયારાસનો કાંદિવલી મુકામે બજાજ સ્કુલના ગ્રાઉન્ડમાં સાંજે ૬.૩૦ વાગ્યાના સુમારે શરૂ થયો હતો તેના મુખ્ય મહેમાન તરીકે શ્રી ગુણવંતલાલ ઓચ્છવલાલ શાહ (સુરતવાળા) હાજર રહ્યા હતા. તેઓએ સંસ્થાને આ પ્રસંગે રૂા. ૨૧,૦૦૦/- (અંકે એકવીસ હજાર પૂરા)નું માતબર દાન આપ્યું હતું. તદ્ઉપરાંત આની સાથે દાંડિયારાસના ઈનામ તથા ઠંડાપાણીની પ્રથમ ૫૦૦ આવનાર વ્યક્તિને કુપન તેમના તરફથી આપવામાં આવ્યા હતા. આના માટે પણ તેમણે રૂા. ૧૧,૦૦૦/- (અંકે અગીયાર હજાર પૂરા) આપ્યા હતા. સંસ્થા તેમનો અને તેમના કુટુંબીજનોનો આભાર માને છે.

સંસ્થા તરફતી શ્રીમતી મણીબેન મણીલાલ શાહ પુરસ્કૃત શૈક્ષણિક પારીતોષિકનું વિતરણ શ્રી નીતેષ રાજુભાઈ શાહના હસ્તે કરવામાં આવ્યું હતું. સંસ્થાના મંત્રી શ્રી મંજુલ ધારીઆ એ મુખ્ય મહેમાનનસ્શાલ ઓઢાડી સ્વાગત કર્યું હતું તથા પ્રમુખશ્રી પ્રદીપ કડકીયાએ મુખ્ય મહેમાનને મોમેન્ટો આપીને બહુમાન કર્યું હતું. અને મુખ્ય મહેમાનના ધર્મપત્ની શ્રીમતી લીલાબેન શાહનું બહુમાન સહમંત્રી શ્રી ભાવેશ મોદી એ ફુલનો બુકે આપીને કર્યું હતું.

પ્રોગ્રામ શરૂ કરતા પહેલા અંદર આવનાર સર્વેને કાજુ કતરી આપીને સ્વાગત કર્યું હતું. પ્રોગ્રામમાં ઓરકેસ્ટ્રા મનીષ એન્ડ પાર્ટી રાખવામાં આવી હતી. ગાયક કલાકાર જયેશભાઈએ બધાને રમઝટ ના તાલે ગરબા તથા દાંડિયારાસ રમાડ્યા હતા. આનો લાભ ઉપનગરના ઘણા બધા કુટુંબો એ લીધો હતો ઘણા બધા ખેલયાઓ સુંદર વેષ પરિધાન કરીને આવ્યા હતા. આ પ્રોગ્રામમાં સુંદર રીતે તૈયાર થઈને આવનાર તથા સારુ રમનાર ને ગૃપ પ્રમાણે ઈનામ આપવામાં આવ્યા હતા. આ ઈનામો માટે બે પ્રકારની બહેનોને જજ તરીકે રાખવામાં આવી હતી. નાસ્તા તથા પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. અને છેલ્લે સહતંત્રી શ્રી નિલેશ શાહ એ બધાનો આભાર માન્યો હતો. અને પ્રોગ્રામ સમાપ્ત થયો હતો.

*સંયોજક : નિમિષ ગાંધી*
*મંત્રીઃ- શ્રી મંજુલ ધારિઆ*

# કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પીટલ ટ્રસ્ટ

હોસ્પિટલ ખાતે શ્રી ગણેશ મંદિરની સ્થાપના કરવાનું કાર્ય ચાલી રહયું છે. આ મંદિરનું ઉદઘાટન તા. ૨૭-૨-૨૦૦૯ના રોજ કરવામાં આવશે, આ કાર્ય માટે દાતા શ્રી આવકાર્ય છે.

રૂા. ૧.૫૦ (એક લાખ પચાસ હજારના) દાતાશ્રીની તકતી મુકવામાં આવશે તથા આ મંદિરની પ્રાણપ્રતીષ્ઠાના પૂજનમાં બેસવાનો પણ લહાવો મળશે.

**નવા નોંધાયેલ દાનની યાદી**

સ્વ. અનંતરાય ચુનીલાલ ત્રિવેદી તથા સ્વ. ધનલક્ષ્મીબેન અનંતરાય ત્રિવેદીના સ્મરણાર્થે, હ.રેખાબેન કીશોરકુમાર ત્રિવેદી (એડવોકેટ) તથા શ્રી કીશોરકુમાર અનંતરાય ત્રિવેદી (એડવોકેટ રૂા. ૧,૫૨,૦૦૦/-

**ટ્રસ્ટ ફંડ** :- કમળાબહેન રમણલાલ શાહ (ચકવા) હ. હેમેન્દ્રભાઈ શાહ રૂા. ૧૨૫૦૦/-

એક સદગૃહસ્થ તરફથી હ. જશવંતભાઈ પરીખ ૧૧,૦૦૦/-

એક સન્નારી તરફથી હ. જશવંતભાઈ પરીખ૧૧,૦૦૦/-

**ઓપરેશન મીતીયોજના** : કડકીયા ભરતકુમાર ગોકળદાસ (ફાડીયા) રૂ. ૭૫૦૦/-

કડકીયા સોનલબેન ભરતકુમાર રૂા.૭૫૦૦/-

દેસાઈ નીતીન નટવરલાલ (જન્મદીવસ નિમિત્તે) રૂા. ૭૫૦૦/-,

મહેતા કુસુમબહેન નટવરલાલ (પડાલવાળા) રૂા. ૭૫૦૦/-

## સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ (આયોજીત)

## અ.સૌ. લીલાવતી કિરીટભાઈ કડકીયા (ફાડિયા)

# સ્મૃતિ ભક્તિ સંધ્યા

**આત્મપ્રિય ભાઈ શ્રી / બહેન શ્રી,**

સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ દ્વારા આ વર્ષે પ્રથમ વાર યોજાતી ઉપરોક્ત સ્મૃતિ ભક્તિ સંધ્યામાં નીચે જણાવેલ વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરેલ છે.

**કાર્યક્રમ**

**તારીખ : શુક્રવારે તા. ૧૯-૧૨-૨૦૦૮, સમય :** સાંજે ૫.૩૦ થી ૭.૩૦,

**ભક્તિ સંગીત :** શ્રીમતી ઝરણા વ્યાસ, **વકતા :** પુ.શ્રી હરિભાઈ કોઠારી, **વિષય :** 'એકજ દે ચિનગારી'

**સ્થળ :** પ્રેમપુરી આધ્યાત્મ વિદ્યાભવન, સ્વામીશ્રી પ્રેમપુરીજી ચૌક, બાબુલનાથ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૭

*નિમંત્રક* : **શ્રી કિરીટભાઈ ભીખાલાલ કડકીયા (પરિવાર)**

સ્વામી શ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ ટ્રસ્ટીગણ સર્વને સપ્રેમ આમંત્રણ છે.

# માનવજીવન

લડવું એ ધર્મ નથી
અભણોનું કામ છે.
ભાઈચારાનો અર્થ ન જાણે એનો
ધર્મ બદનામ છે.
ચાર દિવસની જીંદગીમાં વેરી બની શું જીવવું
પ્રેમ દોરીથી બંધાઈ જીવન જીવવું
એજ માનવની શાન છે.
દુશ્મનને પણ શબ્દના ઝેર ન આપીએ
એજ આપણી મોટાઈ છે
અંતરની આંખોથી જો કણેકણમાં ભગવાન છે.
જીવનતો ફૂલો નું જીવન
એક રાતની જીંદગી
છતાંય ખુશ્બુ આપે છે હોઠો પર છે હાસ્ય
માનવનું જીવન છે સમજણ થઈ ભરેલું
છતાંય જ્યારે જરૂર પડે
ત્યારે છે ખાલીખમ ખાલીખમ.

***- રૂપલ રંજનીકાન્ત પરીખ (વડદલાવાળા) કાંદિવલી.***

# 'જીવન પથ' 'શૂન્ય, સૃષ્ટિ, શૂન્ય 'અંત'

તું નથી તો શું થયું, જીવન જીવતાં શીખી ગયો,
ફરક માત્ર આકાશ, પાતાળ વચ્ચેનોજ બાકી રહ્યો !
તું નથી તો શું થયું 'જીવન પથ' હું કાપી રહ્યો
બે પટ વચ્ચના વહેણને, સાગર મીલનના રોકી શક્યો !
અનંતની બાજી જીવતા, પાસા ફેંકતા શીખી ગયો,
અંતની થપાટો જીરવવા, વ્રજ સમાન બનતો ગયો !
શું ખોયું, શું પામ્યો, હિસાબ ફક્ત નિહાળતોજ ગયો
વત્તા બાદ, ગુણાંક, ભાગી શેષમાં ટળવળતોજ રહ્યો !
જીવનનો વરતારો ચિતરવા, જીવન પથ હું કાપી રહ્યો.
'શૂન્ય રૂપી સૃષ્ટિમાં, શૂન્યમાં ગરકાવ થતો ગયો !
અંતનો અંત' પણ કેવો રહેશે ?
હાથ ખાલી, રાખ થઈ, ભૂમિમાં ભળી જશે !

***- 'ચાંદશા' ચંદ્રકાંત શાહ (ચટઈ)***

# મુક્તકો :

પાડ પરમાત્મા તણો, પ્રવૃત્તિઓ થંભી ગઈ,
'હુ અને મારા મહીથી, મુક્ત થાવા તક મળી,
શ્રવણ, કિર્તન, મનન, ચિંતન અને વાંચન થકી,
પરમાત્માને પામવાની એક સુંદર તક મળી.

˘ ˘ ˘ ˘ ˘

આભાર માનું સીસ્ટરોનો માતૃભાવે સેવા કરે,
નિર્વિકારી, નિરંહકારી, ભાવથી સેવા કરે,
સર્જન હારે, મા પછી સર્જન કર્યું હશે તેઓનું,
હસતે મુખડે, નિરપેક્ષ ભાવે શુશ્રુષા શિશુની કરે.

˘ ˘ ˘ ˘ ˘

કોનો કોનો ? કઈ રીતે હું, કેટલો આભારી છું ?
દુઃખમાં સહભાગી થનાર સૌ સ્નેહીઓનો ઋણી છું,
કોઈ આવીને બીજાનું દુઃખ તો છિનવી ના શકે,
સહાનુભૂતિના શબ્દો થકી, દુઃખ સહ્યતો બનાવી શકે.

˘ ˘ ˘ ˘ ˘

પ્રજ્ઞા ! કપરા કાળ કાજ, સંગતુજ ઝંખતો રહ્યો,
કૌણ જાણે ઈશનો, સરવાળો કંઈ જુદો હતો,
કેવા થતે મુજ હાલ, વાર્ધક્યે, બિમારીમાં તુજ વિના ?
લેશ અફસોસના રહ્યો, સથવારો સંતાનોનો સાંપડ્યો.

˘ ˘ ˘ ˘ ˘

સીત્તેર વર્ષો જીંદગીના વારિજયમ વહી ગયા
'હું અને મારા' મહીની દોડમાં વેડફાઈ ગયા,
ઈશના અનુગ્રહ થકી અંતરમુખ થોડો થઈ શક્યો.
વ્યાજ સાથે વસૂલ કરવાનો રૂડો અવસર મળ્યો.

˘ ˘ ˘ ˘ ˘

પુત્ર છે સેવા કરે, પુત્રવધુ તેથી ચઢી,
શુશ્રુષાની હોડમાં જાણે કે હરિફાઈ થઈ,
કપરા કાળે કોઈ વાતે ઓછુ ના આવવા દીધુ કદિ,
તૃપ્ત થઈ તસવીરમાંથી તુ તો જાણે મલકી રહી.

***- સતીષચંદ્ર ભી. પરીખ(રોકડીઆ)***

# સંસ્થા સમાચાર

વર્ષ ૨૦૦૮-૨૦૦૯ની કાર્યવાહક સમિતિની ૬ઠ્ઠી બેઠક તા. ૨૬-૧૧-૨૦૦૮ના રોજ બુધવારે સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગ્રહ ખાતે મળી હતી.

સંસ્થાના પ્રમુખશ્રી પ્રદીપ કડકીઆના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

D સહમંત્રી એ ૫મી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો એ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

D વિવિધ પ્રવૃતીના હિસાબ જેમ કે મહીલા મંડળ (સ્નેહ સંમેલન), ઉપનગર (દાંડીયારાસ), રસોત્સવ, જનતા ફી સહાય, આંતરીક રમત-ગમતના આવ્યા હતા. તે ખજાનચીના અહેવાલ બાદ પસાર કરવામાં આવશે.

D જનતા ફી સહાય યોજના માટે ગીરીપુજા કોકીલા પ્રવીણચંદ્ર પુનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) તરફથી રૂા. ૭,૫૦,૦૦૦/- નું વચન પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેમનો તથા તેમના કુટુંબીજનોનો આભાર માને છે.

D આનંદ બજાર ૪થી જાન્યુઆરી ૩.૩૦ થી ૧૦ લાડની વાડી ખાતે યોજાશે.

D મહિલા વિભાગના પાસનું વિતરણ વહેલો તે પહેલો ધોરણે થશે ને સમિતિની બેઠક મા પસાર કરાયું હતુ.

D બંધારણને રજીસ્ટર કરવા માટે શ્રી વસંત પરીખ તથા જશવંતલાલ પરીખને અરજી કરવાનું નક્કી કરવામા આવ્યું હતું. કુલ ૫ આજીવન સભ્યપદની અરજી આવી હતી તથા ૩ સભ્યોની લીવ પુરવામાં આવી હતી તે સર્વાનુ મતેપસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

*સહમંત્રી - શ્રી ભાવેશ બીપીન મોદી*
*મંત્રી - શ્રી મંજુલ શૈલેશ ધારીઆ*

## મલાડ વસતા બાલાસિનોરવાસીઓનું

## સમુહ ભોજન

મલાડમાં વસતા બાલાસિનોર વાસીઓનું સમુહ ભોજન તા. ૧૧-૧-૨૦૦૯ના રવિવારે રાખેલ છે. મલાડમાં વસતા તમામ બાલાસિનોર વાસીઓને સવારના ૧૧.૦૦ કલાકે સમુહભોજનમાં નીચેના સરનામે પધારવા વિનંતી છે.

**સ્થળ :-** નડીઆદવાલા માર્કટ હોલ, લક્ષ્મીનારાયણ શોપીંગ સેન્ટરની સામે, પોદાર રોડ, મલાડ (ઈસ્ટ) મુંબઈ -૯૭


**શ્રી મદન મોહનજી કન્ટ્રકશન કંપની**

મોટા મંદિર પાસે, બાલાસિનોર
જુના મકાન ઉંચી કિંમત આપી
ઉતારનાર નવા મકાન બનાવનાર.
નવા મકાન સંપૂર્ણ માલ સામાન સાથે
બનાવીને આપીએ છીએ.
મકાનમાં દરેક જાતનાં રીપેરીંગ કામ કરી
આપનાર (કડીઆ કામ, ઈલેકટ્રીકલ કામ, ઉધઈ
ટ્રીટમેન્ટ, કલર કામ, પ્લમબીંગ કામ)
મકાનમાં ૧૦ વર્ષની ગેરંટી સાથે
ઉધઈ ટ્રીટમેન્ટ કરવામાં આવે છે.
સંતોષકારક કામની ગેરંટી

**સૌમીલ એન. મોદી (ઠાસરાવાળા)**
Tel : **૦૨૬૯૦૨૬૭૦૨૩ / મોબાઈલ - ૦૯૯૭૪૬૩૪૩૧૩**
**દિલીપ એમ. ધારીઆ (વાડદવાળા)**
**મોબાઈલ - ૦૯૩૨૭૬૮૩૭૩૧**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧. **રોહીતકુમાર બાબુલાલ કડકીયા(ઓટલાવાલા)**
ઘરનો ટેલીફોન નંબર : ૨૮૬૧૦૧૧૫
મોબાઈલ નંબર :- ૯૭૬૯૫૩૬૩૧૧

૨. **Devang Vyomesh Parikh**
510, Shripati Castle
15th Floor Opp. Bank of Baroda.
Vithal Wadi Main Road 10th
MUMBAI 400004
Tel No. 23861243

૪. **Omprakash Pravinchandra Modi**
6-3-344. Muktashram
Road No - 1 Banjara Hotel
Global Hospital Lane
Haydrabad (A.P.) 500034
Land Line: 040-60003102
Mobile : 09885464173 / 09885112173

૪. **નલીનીબેન છબીલભાઈ ગાંધી**
૪૦૪ શાલીગ્રાફ એપાર્ટમેન્ટ, મલ્લીનાથ પાર્ક
પી.ટી.કોલેજ રોડ, પાલડી, અમદાવાદ : ૩૮૦૦૦૭
ફોન : ૨૬૬૧૦૦૧૦ - ૯૩૭૭૩૦૧૨૩૧

## તેજસ્વી તારલા

૧. **ઉમેશ દિપક કડકીઆએ** B.Sc Third Year (Information Technology) Exam માં 67.50% મેળવીને ઉત્તીર્ણ થયા છે.

૨. **દોશી હીરેન દક્ષેશએ** Diploma in Business માં First Class મેળવીને ઉત્તીર્ણ થયા છે.

## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| ચંદનબેન ચંદુલાલ ગાંધી | ૯૮ |
| પુર્ણિમાબેન અશોકકુમાર પટેલ (વરખા) | ૬૯ |
| ગંસ્વ. તારાબેન નટવરલાલ દેસાઈ (રોજવાવાળા) | ૯૦ |
| જયપ્રકાશ બાબુલાલ ધારીયા(મુછારી) (ચક્ષુદાન કરેલ છે) | ૬૨ |
| ભાવસાર મહેન્દ્ર મોહનલાલ (પાપડીવાલા) | ૬૬ |
| સ્નેહલતા પ્રવીણચંદ્ર ધારીયા (જાલીવાલા) | ૬૪ |
| બાબુલાલ મોજીલાલ કડકીયા (બનડા) | ૮૨ |
| કુસુમબેન કંચનલાલ કડકીયા (ફાડીયા) | ૭૦ |
| શાંતાબેન જમનાદાસ ગાંધી | ૮૫ |
| સાવિત્રીબેન કીરતનલાલ મોદી | ૮૬ |
| શાંતિલાલ મગનલાલ શાહ (ગુથરીવાળા) | ૯૦ |
| પ્રવીણચંદ્ર ચંદુલાલ પરીખ (ઘીવાળા) | ૭૬ |
| નયેશ નવનીતલાલ ધારીયા | ૫૩ |
| ગંસ્વ. કુમુદબેન પ્રવીણચંદ્ર (ઓલ્લા) | ૭૧ |
| નંદીનીબેન ઈન્દ્રવદન શાહ (દેડકી) (ઉમરેઠ) | ૫૭ |

પ્રભુ સર્વેના આત્માને ચિરઃશાંતિ અર્પે.

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતુ હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે પ્રગતિ સમાજની ઓફિસમા સોમ થી શનિ ૪ થી ૬ દરમ્યાન કિર્તી હીરાલાલ કડકીઆ અથવા સમીર જયેન્દ્ર ગાંધી- નિકોશી ટ્રેડીંગ કું., ૧૨/૫, કારમેલોસ બિલ્ડીંગ, પહેલે માળે, ૬૩/૬૭ પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ-૨. ફોન : ૨૨૦૬૦૨૯૪ /૨૨૦૩૮૦૭૭ Email.nikoshi@vsnl.com ને મોકલવાનું રહેશે આ સિવાય કોઈ પણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

***સંયોજક - સમીર ગાંધી, મંત્રી- મંજુલ ધારીઆ***

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

**(ઉપનગર વિભાગ), સહર્ષ યોજે છે 'નાટક'**

# બાને ઘેર બાબો આવ્યો

## સ્થળ :- દિનાનાથ મંગેશકર હોલ

વિલેપાર્લા (ઈસ્ટ) મુંબઈ - ૪૦૦૦૫૭

**સમય : સવારના ૯.૩૦ કલાકે, તારીખ :- ૨૧-૧૨-૨૦૦૮**

**ટીકીટના દર : અપર સ્ટોલ રૂા. ૩૦ / બાલકની રૂા. ૨૦.**

ટીકીટ વેચાણની તારીખ ૭-૧૨-૨૦૦૮ સવારના ૧૦.૦૦ વાગ્યાથી ૧૧.૩૦ વાગ્યાસુધી.

**ટીકીટ મેળવવનાના સ્થળ :-**

**(૧) ગાંધી નીમિષ બાબુલાલ (પાકા)**, બી-૩૧, રાજેશ એપાર્ટમેન્ટ, ઉજે માળે, શંકર ગલી, કાંલિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭, ટે.ન. ૨૮૦૭૬૧૮૮

**(૨) શાહ હેમેન્દ્રભાઈ રમણલાલ**, C- ૩૦૨, સુમેર નગર, એસ. વી. રોડ, બોરીવલી (વેસ્ટ), ટે.ન. ૨૮૦૫૦૭૩૫

**(૩) ધારીઆ કલ્પેશ કીર્તનલાલ**, બી.૪૫, ભાગ્ય એપાર્ટમેન્ટ, ૪ થે માળે, ભરડાવાડી, ઓફ જે.પી.રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮.

**(૪) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**, ૧૧૮/૧૨૦ અરદેશર દાદી સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦૦૦૪

**મુંબઈમાં ટીકીટનું વેચાણ તા. ૮-૧૨-૨૦૦૮ સમય ૧ વાગ્યાથી ૫ વાગ્યા સુધી**
**સ્થળ :-**

**(૧) કડકીયા ગોપાલ રમણલાલ**, એલાઈટ ઈલેક્ટ્રીક કુ., ૨૯-બી ભાંગવાડી બીજેમાળે, કાલબાદેવી રોડ મુંબઈ ૪૦૦૦૦૨, ટે.ન. ૨૨૦૮૯૧૩૮

**(૨) શાહ હેમેન્દ્રભાઈ રમણલાલ**, શાહ એજી. એન્ડ ઈકવીપમેન્ટ કુ., ૬૪ નાગદેવી સ્ટ્રીટ મુંબઈ ૪૦૦૦૦૩, ટે.ન. ૨૩૪૪૭૩૮૨

નોંધ આ પ્રોગ્રામ ફક્ત બાલાસિનોર વાસીઓ માટે મર્યાદીત છે.

| પ્રમુખ | મંત્રી | સંયોજક |
|---|---|---|
| શ્રી પ્રદીપ કડકીઆ | શ્રી મંજુલ ધારીઆ | શ્રી નિમિષ ગાંધી |